જરતોશ્તી ધર્મશિક્ષક.

બનાવનાર
એદલજી કેરશાસ્પજી આંટીઆ
તે
નામદાર સર જમશેદજી જીજીભાઈ જરતોશ્તી
મદરેસાના જંદ શિક્ષક
તથા
પારસી પંચાએત હસ્તક ચાલતી દેશાવરી ખાતેની
જંદ અવસ્તાની નિશાળોનાં ઉપરી ઇત્યાદિ.

[illegible]
[illegible]
[illegible]

એ ખલકના ખાવીંદ! તારી ખાસેલા દીન ઉપર હું એતેકાદ રાખનારો છું માટે તારાં ફરમાનોને હું કબુલ રાખું, તેઓને હું યાદ રાખું અને તેઓને દુન્યાના લોકોમાં જાહેર કરૂં અને તેને લગતાં કામો કરૂં.

આવૃત્તિ પાંચમી.

મુંબઈ:
ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ.
સને ૧૨૫૯ યજદેજરદી—સને ૧૮૯૦ ઈસવી.

કીંમત ચાર આના.

જરતોશ્તી ધર્મ શિક્ષક.

બનાવનાર

એદલજી કેરશાસ્પજી આંટીઆ

તે

નામદાર સર જમશેદજી જીજીભાઇ જરતોશ્તી
મદરેસાના જંદ શિક્ષક

તથા

પારસી પંચાએત હસ્તક ચાલતી દેશાવરો ખાતેની જંદ
અવસ્તાની નિશાલોનાં ઉપરી ઇત્યાદિ.

ઓ ખલકના ખાવીંદ ! તારી ખાલેશ દીન ઉપર હું એતેકાદ રાખનારો છું માટે તારાં ફરમાનોને હું કબુલ રાખું, તેઓને હું યાદ રાખું અને તેઓને દુન્યાનાં લોકોમાં જાહેર કરૂં અને તેને લગતાં કામો કરૂં.

આવૃત્તિ પાંચમી.

મુંબઇ :
ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ.
સને ૧૨૫૯ યજદેજરદી—સને ૧૮૯૦ ઈસવી.


કીંમત ચાર આના.

નેકનામ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ,
સી. એસ. આઇ.
સર દીનશાહજી માણેકજી પીટીટ બારોનેટ,
શેઠજી સાહેબ ખુરશેદજી ફરદુનજી પારખ,
શેઠજી સાહેબ ફરાંમજી નશરવાનજી પટેલ,
શેઠજી સાહેબ મનચેરજી હોરમજજી કામાજી,
સર જમશેદજી જીજીભાઈ ટરાન્સલેશન ફંડના
તરસટી સાહેબો જોગ,

માનવંતા સાહેબો,

જરતોસ્તી ધર્મનો ફેલાવો થયલો જોવાને તમો દીલસોજી બતાવતા આવ્યા છો અને જરતોસ્તી ફીરકાનું ભલું ચાહવામાં નેક નેમ ધરાવો છો તેનાં માનની નીશાની દાખલ આ નાની ચોપડી તમો સાહેબોને અર્પણ કરવાની રજા લેઉં છું

હું માનવંત સાહેબો,
તમારો તાબેદાર સેવક,
એદલજી કેરશાસ્પજી આંટીઆ.



દીબાચો પાંચમો આવૃત્તિનો.

"જરતોસ્તી ધર્મ શિક્ષક"ની પાંચમી આવૃત્તિનો દીબાચો લખવાનું તેનાં બનાવનારની સર્જતમાં છે, એમ એ કેતાબ સને ૧૮૭૬ માં પેહેલી પ્રગટ કીધી ત્યારે તેને સ્વપ્નામાં પણ વમાસ્યું ન હતું. પંદર વરસમાં આ નાની પણ ઉપયોગી કેતાબને પાંચમી મરતબે છપાવામાં આવે એજ બીના કહી આપે છે કે એ કેટલી જરૂરની અને ઉપયોગી છે. તેની ૯૦૦૦ નકલો અત્યાર સુધીમાં ખપી જવાથી આ વખતે બીજી બે હજાર ચોપડીઓ છપાવવાની અમને જરૂર જણાઇ છે તે બાબે ખુશાલી જાહેર કરતાં આટલું કેહેવા વીનાં ચાલતું નથી કે અમે તેમાં દર આવૃત્તિ વેલા નવો નવો સુધારો અને વધારો કરતા રહ્યા છીએ. છેલી વાર અમે જરતોસ્તી બાલકોની આપણાં પાક અવસ્તાવાંણી અસલ ભાષામાંજ વાંચવા અને ભણવાની ઉલટ વધારવા માટે આ નાંનાં ગ્રંથમાં અમે એક નાંની શરૂઆત દાખલ અવસ્તા ભાષાનાં મૂળાક્ષરો તથા શબ્દોનાં કોઠા આપ્યા હતા અને તે વાંચવાની સમજણ પાડી હતી. વલી અવસ્તાવાંણીનું લખાંણ કેમ વંચાય અને ભણાય તે બતાવવા માટે અમે નમુનાં દાખલ યથા અને અષેમની સર્વથી પુરાતન બંદગીઓ તથા અવસ્તાનાં કેટલાક ફકરાઓ ઉતારી લીધા હતા. એમ કરવામાં અમારી જે સુભ નેમ હતી તે ઘણે દરજ્જે પાર પડેલી જોઇ અમને મોટી ખુશી પેદા થાય છે. બાલકો મોટી ઉમરે ગુજરાતી લીપીની ખોટી જોડણીમાં

એક પવિત્ર બંદગી ભણી જાય તેનાં કરતાં અસલ અવસ્તા ભાષામાંજ તે બંદગી શુદ્ધ ઉચ્ચારે ભણે તેમાંજ ખરો સવાબ છે, અને અમારા અનુભવ ઉપરથી અમે જોઈએ છીયે કે આ લાભ બાલકોને મલવા લાગ્યો છે.

એજ મુજબ હાલની આવૃત્તિમાં પણ અમે કેટલોક સુધારો અને વધારો કરવાની જરૂર જોઇ છે. કેટલાક સવાલોનાં જવાબો ઘણાં લાંબા હોવાથી બાલકોને તે પાઠે કરતાં મુશકેલી પડતી હતી અને તેઓ ગુચવાઇ જતાં હતાં એમ જણાયાથી અમે તે જવાબો ટુકા કરી નાંખ્યા છે. તેમજ વલી કેટલાક નવા સવાલ જવાબોનો વધારો કરીને તથા અવસ્તાવાંણીમાંથી કેટલાક નવા ફકરાઓ અને બંદગીઓ શરૂઆતનાં સફાઓમાં ઉમેરીને આ ગ્રંથમાં લગભગ ૧॥ ફાર્મ જેટલો વધારો કીધો છે.

એ રીતે આ નાનું પુસ્તક પોતાનાં ખપ અને ઉપયોગમાં વધતું જવાથી અતરેનાં પારસી પંચાએતનાં લાયકીવાલા સેકરેટરી સાહેબ શેઠ નસરવાંનજી બેહેરાંમજીએ તેને પાંચમી વાર છપાવી પ્રગટ કરવાને અમોને ઉતેજન આપ્યું છે અને સર જમશેદજી જીજીભાઇ ત્રાન્સલેસન ફંડના નામદાર તરસ્તી સાહેબોની મંજુરીઆત મેલવીને એક વાર ફૂરીને લાયક આશ્રો અપાવવાની મેહેરબાંની કીધી છે, જે માટે તરસ્તી સાહેબોનો તેમજ સેકરેટરી સાહેબનો ઉપકાર માનવાની આ ઠેકાંણે ફરજ વીચાર્યે છીયે.

મુંબઈ તા૦ ૧ લી એપરેલ સને ૧૮૯૦.

એ૦ કે૦ આંટીઆ.

દીબાચો પેહેલી આવૃત્તિનો.



નાની વયનાં બાલકોને આપણા બરહક જરતોસ્તી ધર્મ તથા નીતિને લગતું જ્ઞાન સેહેલથી આપવાને બની આવે એવા હેતુથી આ ચોપડી જરતોસ્તી કોમનાં બાલકોને સારૂ તૈયાર કીધી છે. તે મધે જે કાંઇ ખાંમીઓ હમારા વિદ્વાન ભાઇઓને નજર આવે તે દરગુજર કરવી અને મેહેરબાનીની રાહે હમોને તે જણાવવાની તસ્દી લેવી કે હવે પછી એ પુસ્તકની બીજી આવૃતિ કહાડતી વેલા તે ઉપર ધ્યાંન પોંહોંચાડવામાં આવે.

હમોએ કેટલેક ઠેકાણે 'ફુટ નોટસ'માં યજશને વંદીદાદ, યસ્ત વિગેરેનાં ફકરાનાં નંબર ટાંકી બતાવ્યા છે તે પ્રોફેસર વેસ્ટરગાર્ડે આપણા પાક અવસ્તાને એકઠા કરી છપાવેલાં પુસ્તક પ્રમાણે છે અને એ ફકરાઓ હમોએ જંદ ભાષામાં ટાંકી બતાવ્યા નથી તેમજ તેનો શબ્દે શબ્દનો તરજુમો પણ કર્યો નથી પણ માત્ર તે ફકરાઓનો સારાંશજ આપ્યો છે.

નામદાર સર જમશેદજી જીજીભાઈનાં ધર્મખાતાંને લગતી છોકરીઓની એક નિશાળમાં જંદ અવસ્તાની કેલવણી હમારા હસ્તક આપવામાં આવે છે તેની લાંબી મુદતના હમારા અનુભવ ઉપરથી તેમજ ઉપરી દસ્તુરજી સાહેબ પેશુતનજી બેહરાંમજી સંજાણાએ તથા મજકુર ધર્મખાતાનાં 'સેકરેટરી' શેઠ નશરવાનજી બેહેરાંમજીએ એવી ચોપડીની અગત બતાવ્યાથી આ ચોપડી તૈયાર

કરવા પાછલ હમોએ બનતી કોશેશ કીધી છે અને ઉમેદ રાખીએ છીએ કે એ ચોપડી સર્વને પસંદ પડશે.

હમારે જણાવવું જોઇએ કે એવી જાતની ઘણીક ચોપડીઓ બાલકોને ધર્મની કેલવણી આપવાની મતલબથી આજસુધીમાં બાહેર પડી ચુકી છે, પણ આ ચોપડીમાં બાલકોને લાયકની ઘણીક સેહેલી બાબદો સમાવીને તથા જરતોસ્તી ધર્મને લગતાં મુખ્ય ફરમાનો દાખલ કરીને આ ચોપડી જરતોસ્તી બાલકોને વધારે ઉપયોગી થઈ પડે એવી નેમ હમોએ રાખી છે.

આ ચોપડી બાહેર પાડવા આગમજ દસ્તુરજી સાહેબ પેશુતનજી બેહેરાંમજી સંજાણાએ તસ્દી લઇને તપાસી છે માટે તેઓનો ઉપકાર આ જોગવાઇએ હમો માનીએ છીએ તેમજ જરતોસ્તી અનજુમનનાં ફંડના તરસ્ટી સાહેબોએ હમોને આ કામમાં ઘટતી મદદ આપી છે તેથી તે સાહેબોનો બી ઉપકાર આ જોગવાઈએ હમો માનીએ છીએ.

એ. કે. આં.

સાંકલીઉં.

આ ચોપડી તપાસીને દસ્તુરજી સાહેબ પેશુતનજી બેહેરામજી સંજાણાએ આપેલો અભિપ્રાય.



ભાઇ એદલજી કેરશાસ્પજી આંટીઆએ આએ 'જરતોશતી ધર્મ શીક્ષક' નામની નાની ચોપડી જરતોશતી બચાંઓને આપણા મહજબની ટુંકમાં સહમજ આપવાની મતલબથી બનાવીને હમોને વાંચવા સારૂ મોકલી હતી અને તે હમોએ તપાસી છે. આએ નાનું પુસ્તક ભાઈ એદલજીએ સારાં ધ્યાંનથી અને સલીસ એબારતમાં રચ્યું છે, તેમજ તેમાં જરતોશતી દીનને લગતા ખોલાસાઓ સવાલ જવાબના આકારમાં બચાંઓને સમજ પડે એવા ટુંક ફકરાઓમાં સમજાવેઆ છે માટે આએ પુસ્તક જરતોશતી બચાંઓની ધર્મ સંબંધી કેલવણીને સારૂ કેટલેક દરજ્જે ઉપ્યોગી છે, તેથી નેક જરતોશતીઓને આએ પુસ્તક ખરીદ કરી પોતાનાં નાનાં બાલકોને તે ઉપરથી ધર્મને લગતી કેલવણી આપવાની હમો એલતેમાસ કરીએ છીએ.

રોજ ૬ માહ ૩ સને ૧૨૪૬ ઈજદેજરદી.

લા૦ પેશુતન દશતુર બેહેરાંમજી સંજાણાં.



ખોલાસો.

અવસ્તા ભાષાની લીપી વાંચવા તથા લખવાને બીજી ભાષાઓની લીપીની માફક અઘડી નથી. અવસ્તા ભાષાના જે અક્ષરો છે તે આવડવાથી સેહેલથી વાકયો વંચાઇ શકે છે, કેમકે અવસ્તા ભાષાના વ્યજનોની સાથે જો સ્વર જોડાય છે તો તે. આખો સ્વર તેની પાસે મુકવામાં આવે છે પણ ગુજરાતીમાં તે સ્વરોની નીશાંણીઓ વ્યંજનની સાથે જોડેલી આવે છે જેમકે 𐬐𐬀=કા 𐬐𐬌=કિ ઇત્યાદી. હવે જ્યારે અવસ્તામાં સ્વર સાથેનો આખો 𐬐𐬀 લખાય છે ત્યારે ગુજરાતીમાં ક ની બરાબર બોલાય, પણ સ્વર વીનાનો 𐬐 લખવો હોય તો ગુજરાતીમાં તે આ પ્રમાણે ક્ યાને ખોડો લખાય છે. જેમકે અવસ્તાનો શબ્દ 𐬥𐬁𐬨𐬀𐬥 નામન્ છે તેના પેહેલા વ્યંજન ન્ ની પાસે **આ** સ્વર આવ્યાથી **ના** થયું તથા બીજા વ્યંજન મ્ ની પાસે **અ** આવ્યાથી **મ** આખો થયો પણ છેલા વ્યંજન **ન્** ની પાસે કોઇ પણ સ્વર નથી તેથી અરધો યાને ખોદો **ન્** બોલાય છે. હવે જેમ ગુજરાતીમાં જોડાક્ષરો આવે છે તે બે ત્રણ વ્યંજનો સાથે કકડા થઇને જોડાય છે પણ જો અવસ્તામાં જોડાક્ષર લખવા હોય તો બે ત્રણ વ્યંજનો સ્વર વીનાં આખાજ પાસે પાસે લખાય છે જેમકે 𐬑𐬱𐬥𐬀𐬊𐬚𐬭𐬀=ક્ષ્નઓથ્ર, 𐬰𐬀𐬭𐬀𐬚𐬎𐬱𐬙𐬭𐬀 જરથુસ્ત્ર. ઇત્યાદી. આ પેહેલા દાખલામાં **ખ્** અને **ષ્** ની પાસે કોઇબી સ્વર આવ્યો નથી, પણ **ન્** ની પાસે **અ** સ્વર આવ્યો છે તેથી આખો જોડાક્ષર 𐬑𐬱𐬥 (=ક્ષ્ન) થયો છે; એજ રીતે **થ્** ની પાસે સ્વર નથી પણ **ર્** ની પાસે **અ** સ્વર છે તેથી **થ્ર** જોડાક્ષર બન્યો છે. બીજા દાખલામાં છેલો જોડાક્ષર **સ્ત્ર** છે તેનું કારણ બી ઉપર સમજાવ્યું તેમજ છે.

ઝંદ મૂળાક્ષરો.

—oo—

સ્વર.	ઉચ્ચાર.
𐬀	અ
𐬁	આ
𐬌	ઇ
𐬍	ઈ
𐬎	ઉ
𐬏	ઊ
𐬆𐬭𐬆	ઍરે
𐬇𐬭𐬇	ઍરે
𐬀𐬉	અઍ
𐬁𐬌	આઇ
𐬀𐬊	અઑ
𐬁𐬎	આઉ
𐬉, 𐬉	એ
𐬆 𐬇,	ઍ
𐬈	એ
𐬊	ઑ

સ્વર.	ઉચ્ચાર.
𐬋	ઓ
𐬄𐬀	અં
𐬄	આં
𐬂	આઉ

વ્યંજન	ઉચ્ચાર.
𐬐	ક્
𐬑	ખ્
𐬒	ખ઼્
𐬔	ગ્
𐬖	ઘ્
𐬢	ઙ્
𐬗	ચ્
𐬘	જ્
𐬰	જ઼્
𐬲	જ઼઼્
𐬣	ઞ્
𐬙	ત્

વ્યંજન	ઉચ્ચાર.
	ત્ (સેવટે)
	થ્
	દ્
	ધ્
	ન્
	પ્
	ફ્
	બ્
	મ્
	ય્ (શરૂઆતમાં)
,,	ય્ (વચમાં)

વ્યંજન.	ઉચ્ચાર.
	ર્
	લ્ (પાજંદ લખાંણમાં)
	વ્ (શરૂઆતમાં)
,,	વ્ (વચમાં)
	વ્ (ઇ૦ w)
	શ્
	ષ્
	સ્
	હ્
	ક્ષ્
	હ્મ

પદ.

કાઈ કુએ કૌૅરૈ કૂ કુ કી કિ કા ક

કો કૉ કે કૅ કે કાઉ કુઑ

કાં કં

અવસ્તા.	ઉચ્ચાર.	અવસ્તા	ઉચ્ચાર.
[illegible]	અહુરો.	[illegible]	ખ્રતુ
[illegible]	આતરેમ્	[illegible]	ગઑષ
[illegible]	ઇરિત	[illegible]	ઘેના
[illegible]	ઇજ્ય	[illegible]	અંઘ્રો
[illegible]	ઉઝ્દાન	[illegible]	ચખ્મન્
[illegible]	ઊન	[illegible]	જઝુ
[illegible]	ઍરૅષિ	[illegible]	જ઼એન
[illegible]	અએખ	[illegible]	જ઼નાતર્
[illegible]	આઇથિ	[illegible]	દંધુ
[illegible]	અઑત	[illegible]	તનુમ્
[illegible]	ઍવીસ.	[illegible]	ત્અએષો
[illegible]	એમવન્ત્	[illegible]	થાયો
[illegible]	ઑઇમ્	[illegible]	દએન
[illegible]	ઑયુમ્	[illegible]	દધ
[illegible]	અન્તરે	[illegible]	નએમ
[illegible]	આંજંધ્	[illegible]	પુથ્ર
[illegible]	આકુંધ	[illegible]	ફેદ્રો
[illegible]	કતાર	[illegible]	બાઝુ
[illegible]	ખફ્સન્	[illegible]	મઇતિ

અવસ્તા.	ઉચ્ચાર.	અવસ્તા.	ઉચ્ચાર.
[illegible]	યઑન	[illegible]	સુપ્ર
[illegible]	અયર	[illegible]	શિકુતિ
[illegible]	રથ	[illegible]	ષિતિ
[illegible]	વન્ત	[illegible]	હુઓમ
[illegible]	વીવાપ	[illegible]	ક્ષપન
[illegible]	માંશ્વ		

[illegible]

[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] (1)
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible] (١)
[illegible] (٢)
[illegible] (١)
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] (1)

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] (1)

[illegible]
[illegible]
[illegible]

ࡍࡀ. ࡐࡀࡋࡀ ࡋࡄࡌࡀࡌ ࡖࡀࡅࡀ ࡕࡀࡍࡀ. ࡀࡃࡅࡀࡃࡅࡀ ࡋࡃࡀ.
ࡅࡀࡃࡍࡀ. ࡐࡀࡕࡀࡍࡀ. ࡍࡀࡏࡀࡌࡀࡍࡀ. ࡍࡀࡐࡍࡀࡌࡀ-
ࡍࡀ. ࡍࡀࡀࡋࡄࡌࡀࡍࡀ. ࡓࡀࡃࡌࡀ-ࡋࡀࡃࡀ.
ࡅࡀࡃࡍࡀ. ࡐࡀࡕࡀࡍࡀ. ࡅࡀࡄࡏࡀࡌࡀࡍࡀ. ࡅࡀࡕ-
ࡐࡍࡀࡌࡀࡍࡀ. ࡅࡀࡕࡀࡀࡋࡄࡌࡀࡍࡀ. ࡋࡀ. ࡐࡀ.
ࡋࡀࡍࡀ. ࡀࡏࡀࡔࡀ. ࡕࡀࡔࡀࡌࡀ. ࡅࡀࡕࡀࡏࡏࡍࡀ.
ࡐࡀࡍࡀࡏࡏࡍࡀ. ࡋࡀ. ࡏࡀࡏࡀࡍࡀ. ࡋࡀ.
ࡐࡀࡍࡀࡍࡀ. ࡋࡀ. ࡄࡅࡃࡀࡀࡕࡏࡀ. ࡋࡀ.
ࡀࡍࡀࡔࡃࡀ. ࡋࡀ. ࡌࡀࡏࡀࡕࡀࡍࡐ. ࡔࡀࡔࡃ-
ࡔ. ࡀࡄࡌࡀࡏࡏ. ࡕࡌࡀࡕࡃ. ࡀࡔࡏ

ࡐࡀࡕࡀࡕࡀࡍࡀ. ࡌࡐ. ࡀࡍࡀࡋࡀ. ࡏࡀࡆࡅࡀ.
ࡀࡄࡌࡀࡍࡀ. ࡍࡔࡀࡅࡔࡀ. ࡍࡀࡀࡀࡏࡔࡅࡏ.
ࡅࡀࡏࡀࡏࡔࡅࡏ ࡐࡀࡕࡕ. ࡀࡓࡕ. ࡐࡀࡕࡕ. ࡀࡀࡀ-
ࡋࡔ. ࡐࡀࡕࡕ. ࡐࡀࡕࡀࡍࡀ. ࡐࡕࡍࡐ. ࡀࡔࡀ-
ࡍࡃࡋࡀ. ࡍࡔࡀࡃࡀࡏࡏ. ࡀࡔࡀࡀࡀࡏࡏ.
ࡅࡀࡃࡀࡌࡀ ࡀࡍࡔࡀࡃࡀࡏࡏ. ࡅࡋࡀࡔࡌࡏࡏ
ࡐࡀࡕࡕ-ࡍࡔࡀࡋࡕ. ࡔࡃࡀࡐ. ࡀࡔࡀࡀࡀ.
ࡀࡀࡀࡕࡕ-ࡍࡔࡀࡋࡕ. ࡔࡃࡀࡐ. ࡅࡋࡀࡔ.
ࡒࡀࡌࡕ. ࡍࡀࡏࡕࡌࡕ. ࡏࡃࡋࡏࡋࡌࡕ. ࡍࡀࡍࡀ.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ࡔࡓࡀ. ࡌࡀࡁ. ࡊࡋࡀࡏࡀࡕࡃࡃࡀࡕࡀ. ࡌࡀࡉࡉࡀࡍࡓࡀ.
ࡍࡀࡋࡏࡕ. ࡀࡅࡄࡀࡔࡃࡃࡀࡍࡓࡀ. ࡅࡄࡉࡉࡀ ࡆࡀࡊࡉࡀ.
ࡔࡓࡀࡉࡉࡅࡀ ࿒

ࡃࡋࡀ. ࡀࡀࡁ. ࡔࡓࡀࡊࡀࡕࡀࡃࡅࡅࡀ. ࡀࡅࡉࡋࡏࡕ.
ࡕࡀࡊࡅࡏࡕ. ࡔࡓࡒ. ࡒࡄࡅࡕࡓࡀ. ࡀࡄࡏࡕࡓࡀ. ࡅࡀࡌ.
ࡀࡍࡀࡍࡓࡀ. ࡅࡀࡌ. ࡉࡋࡉࡉࡀࡋࡀࡏࡍࡓࡀ. ࡅࡋࡀࡆࡉ-
ࡄࡉࡅࡍ. ࡋࡀࡋࡓࡀࡏࡍࡓࡀ. ࡅࡀࡌ. ࡉࡒࡉࡕࡓࡀ.
ࡅࡉࡍࡀࡍࡓࡀ. ࡅࡋࡄࡒ ࿒

ࡄࡉࡕࡀࡌࡀࡆࡄࡅ. ࡄࡒࡋࡌࡀࡆࡄࡅࡕ. ࡄࡉࡉࡀࡋࡅࡍ-
ࡌࡀࡆࡄࡅࡕ. ࡃࡃࡀࡅࡀࡓࡀ. ࡀࡆࡃࡃࡀࡅࡀࡓࡀ. ࡅࡏࡋࡆ-
ࡊࡃࡃࡀࡕࡆࡀࡆࡄࡅࡓࡀ. ࡅࡀࡉࡉࡏࡋࡊࡀࡆࡀࡆࡄࡅࡕࡓࡀ.
ࡕࡀࡄࡉ. ࡀࡃࡓࡉࡀࡋࡏࡌࡀࡋࡋ. ࡆࡀࡅࡆࡀࡅ-
ࡍࡌࡀࡋࡋ. ࡔࡓࡀࡅࡀࡆࡀ. ࡅࡋࡄࡉࡆࡄࡅࡕ. ࡕࡀࡄࡉ.
ࡄࡉࡋࡅࡀࡋࡋࡌࡏࡏࡀࡃ. ࡓࡀࡃࡀࡁ. ࡋࡅࡀࡋࡋࡏࡕ.
ࡀࡄࡕࡀࡁ. ࡄࡃࡃࡀࡁ. ࡀࡃࡓࡅࡀࡒࡕࡏࡀࡄࡃࡓࡀ.
ࡓࡉࡅࡕࡀࡄࡃࡓࡀ. ࡄࡉࡉࡆࡄࡅࡕࡀࡄࡃࡓࡀ. ࡄࡃࡃࡀࡁ.
ࡕࡀࡊࡅࡀࡃ. ࡀࡄࡉࡋࡀࡃ. ࡀࡅࡀࡃࡓࡀ. ࡅࡋࡀ-
ࡄࡃࡃࡌࡀࡃ ࿒

ࡀࡉࡉࡀ. ࡋࡀࡒࡋ. ࡀࡉࡉࡀ. ࡊࡀࡍࡌࡅࡀ. ࡀࡉࡉࡀ
ࡊࡅࡃ. ࡅࡀࡋࡀࡃࡃࡀࡒࡊࡋࡏࡕ. ࡕࡀࡊࡅࡀࡃࡃࡀࡍࡆࡀ.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]

[illegible]

જગતના બનાવનાર અહુરમજદ વીશે.



સવાલ—જગતનો બનાવનાર કોણ ?

જવાબ—દાદર અહુરમજદ.

સ૦—તે વીશે પાક અવસ્તામાં કાંઈ લખાંણ આવેલું છે ?

જ૦—હાજી; એવું લખાંણ આવે છે કે પેદા કરનાર અહુરમજદને હમો યાદ કરીએ છીએ કે જેણે આપણને પેદા કીધા, જે આપણું રક્ષણ કરે છે, જે અતીષય વરથી કરનાર મીનો છે.[1]

સ૦—દરેક ચીજની સંભાલ કરનાર અને પાલનાર કોણ છે ?

જ૦—પાક પરવરદેગાર સિવાય બીજો કોઇ નથી.

સ૦—તે વીશે અવસ્તામાં શું લખાંણ મલે છે ?

જ૦—પરવરદેગાર બોલે છે કે "સંભાલ કરનાર, પેદા કરનાર, અને પાલનાર હું છું."(૨)

સ૦—પરવરદેગાર ક્યાં છે ?

જ૦—તે સઘલે ઠેકાંણે છે અને માણસ જાતનાં જાહેર કાંમોને તે જોય છે એટલુંજ નહીં પણ છુપાં કાંમોને બી જોય છે.

---

૧ યશને હા ૧ લો ફ. ૧ લો.

૨ અહુરમજદ યસ્ત ક. ૧૨ મો.

સ૦—ખોદાનો આકાર કેવો છે ?

જ૦—તેને કંઇ આકાર નથી પણ માત્ર એક રોશનીનો ઝરો છે.

સ૦—દાદાર અહુરમજદનાં ગુણો જણાવો.

જ૦—જે સાહેબ ઘણાજ દબદબાવાલો, ચલકાતવાલો, સર્વેથી મોટો, સર્વેથી સરસ, સર્વેથી સોહામણો, વાજબી ઇનસાફ કરનારો, ઘણોજ અકલમંદ, સારી જાતનો, ઘણોજ પવિત્ર, નેક જાંણનારો, ખોહલી ખુશીવાલો છે.[1]

સ૦—ખોદા આપણને દેખાતો નથી ત્યારે આપણે કેમ જાણીએ કે તે છે ?

જ૦—તેની બનાવેલી ઉમદા ચીજો ઉપરથી તેની હસ્તી માલમ પડે છે. કુદરતમાં જે જે ચીજો માણસ જાતથી નહીં બની શકે તેવી ચીજોનો બનાવનાર કોઇ હોવો જોઇએ અને તે ખોદા પોતે છે.

સ૦—ખોદાનાં નામ કેટલાં છે ?

જ૦—તે સાહેબની ખુબીનો જેમ પાર નથી તેમ તેના નામોબી બેહદ છે, પણ પાક અવસ્તામાં તેનાં મુખ્ય નામ ત્રણ છે.

સ૦—ખોદાનાં મુખ્ય ત્રણ નામો તે કયાં ?

જ૦—દાદાર, અહુરમજદ અને અશો.

સ૦—એ બોલોનો અર્થ શું ?

જ૦—દાદાર એટલે પેદા કરનાર, અહુરમજદ એટલે મહાજ્ઞાની સાહેબ, અને અશો એટલે પવિત્ર.

---

૧ યજશને હા ૧ લો ક્. ૧ લો.

સ૦—ખોદાને અવસ્તામાં વારેઘડીએ કયાં નામથી બોલખેલો છે ?

જ૦—અહુરમજદ.

સ૦—ખોદાને 'મીનોઆન મીનો' કેહે છે તેનું કારણ શું ?

જ૦—આપણ માણસ જાત મીનો યજદો (ફરેશતાઓ)ને જોઇ શકતા નથી અને તેઓને લગતી સમજ ધરાવી શકતા નથી તેમ યજદો અશો અહુરમજદને લગતી દાનાઇ અને સમજ મેલવી શકતા નથી તેથી તેને મીનોઆન મીનો કહે છે.

સ૦—ખોદાતાલાએ દુન્યામાં માણસની જીંદગીના આધારને માટે કઇ મુખ્ય ચીજો પેદા કીધી છે?

જ૦—રોશની, હવા, પાણી, ગરમી, ઝાડપાણ, ગોસ્પંદ વગેરે બીજી ઘણી ચીજો માણસનાં સુખને સારૂં ખોદાએ પેદા કીધી છે.

અમશાસ્પંદ, ફરેશ્તા, દેવ દરૂજો અને પેલી દુન્યા વીશે

—o—

સ૦—અમશાસ્પંદ બોલનો અર્થ શું ?

જ૦—ઘણા બુજોર્ગ અને અમર્ગ.

સ૦—અમશાસ્પંદ કેટલા છે અને તેઓ શાના નામો છે ?

જ૦—છ છે અને તે ખોદાની શકતીઓનાં નામ છે જેવાં કે બેહમન, અરદીબેહેશ્ત, શેહરેવર, અસ્પંદારમદ, ખોરદાદ, અને અમેરદાદ.

સ૦—એઓના નામ પાક અવસ્તામાં શું છે? અને તેનો અર્થ શું?

જ૦—વહુમનો એટલે ભલું મન, અષવહિશ્ત એટલે ઉત્તમ પવિત્રાઈ, ક્ષથ્રવૈર્ય એટલે બાદશાહી અથવા હકુમત, સ્પેંતઆરમૈતી એટલે ડાહાપણ, હઉર્વતાત્ એટલે પુરતાપણું, અને અમેરેતાત્ એટલે અમર્ગી.

સ૦—એ નામોના અર્થ ઉપરથી તમો શું સમજ્યા?

જ૦—ભલી મનશાનીનો ગુણ, પવિત્રાઈ એટલે નેકી અને સચાઇ, હકુમત એટલે મોટાઇ, ડાહાપણ, સુખાકારી, કીરતી, અને જીવ અમર્ગ રહે એવા સારા ગુણો મેલવવાની જો આપણે ખાહેશ રાખીએ તો ખોદાની છ શકતીની મારફતે તેની આપણે મદદ માંગીએ છીએ.

સ૦—યજદ (ફરેશ્તા) શબ્દનો અર્થ શું?

જ૦—યાદ અથવા સ્તુતી કરવા લાયક.

સ૦—અમશાસ્પંદ અને યજદોનું કામ શું?

જ૦—ખોદાતાલાએ તેઓને જુદી જુદી શકતી આપીને મીનો (એટલે પેલી દુન્યા) અને ગેતી (એટલે આ દુન્યા)ની સંભાલ રાખવાને કામો ઠેરવી આપેલાં છે.

સ૦—પાક અવસ્તામાં કેટલાએક યજદ અમશાસ્પંદોને નારી જાતીનું રૂપ આપેલું છે તે કયા અને કેટલા છે?

જ૦—તે છ છે જેવા કે અસ્પંદારમદ, આવાં, ગોશ, ફરવરદીન, દીન અને અર્શીશવંગ.

સ૦—ફરોહર એટલે શું?

જ૦—દુન્યાની અંદર આત્માને અહુરમજદની તરફેનમાં રેહેવાને વાસ્તે જે શકતી બખશેલી છે તેનું નામ ફરોહર અથવા ફવશી છે.

સ૦—ખોદાતાલાની મરજીથી આ દુન્યા ચલાવવાને સારૂ જે બે મુખ્ય શકતી પેદા થઈ છે તેનાં નામ શું?

જ૦—'સ્પેંતોમઇન્યુશ' અને 'અંગ્રોમઇન્યુશ.'

સ૦—એ શબ્દોના અર્થ શું?

જ૦—સ્પેંન્તોમઇન્યુશ એટલે ગેબી રીતે દુન્યાનો વધારો કરનાર અને અંગ્રોમઇન્યુશ એટલે ગેબી રીતે તે દુન્યાનો ઘટાડો અથવા નાશ કરનાર.

સ૦—સ્પેંતોમઇન્યુશના હાથ તલે કામ કરનારઓ કોણ છે?

જ૦—અમશાસ્પંદો અને યજદો સ્પેંતોમઇન્યુશની મરજી પ્રમાણે કામ કરનારા છે અને દુન્યાનો વધારો કરવામાં મદદગાર થાય છે.

સ૦—અંગ્રોમઇન્યુશના હાથ તલે કામ કરનારા કોણ છે?

જ૦—દેવો અને દરૂજો અંગ્રોમઇન્યુશની મરજી પ્રમાણે કામ કરનારા છે અને તેઓ દુન્યાનો નાશ કરનારા છે.

સ૦—દેવો અને દરૂજો એટલે શું ?

જ૦—દેવ એટલે નુકશાન કરનારાં તથા બદીને ઉત્પંન કરનારાં ખરાબ માણસો તથા પદાર્થો, અને દરૂજો એટલે જુડાઇનો વધારો કરનારાં.

સ૦—અંગ્રોમઇન્યુશનો આએ દુન્યામાં દાર શું છે?

જ૦—તે બનતાં સુધી દરેક માણસને લલચાવીને બુરા માર્ગ ઉપર ચલાવવાની કોશેશ કરે છે અને પોતાના વીચારને લગતું કામ કરવાને સારૂ માણસને ફાંદામાં નાખે છે.

સ૦—ખોદાતાલાની એ બે મુખ્ય શકતી વીશે તમે શું સમજ આપશો ?

જ૦—ખોદાતાલાએ દુન્યાની પેદાયશમાં માણસ જાતની પરીક્ષા કરવાને એ બે શકતી વડે બે માર્ગ કીધેલા છે એક સારો અને એક ખરાબ અને માણસને અકલ આપી છે તેથી આપણે સારો માર્ગ પસંદ કરવો અને બુરો માર્ગ તજી દેવો.

સ૦—અંગ્રોમઇન્યુશનો દાર કયાંસુધી જારી રેહશે?

જ૦—રસ્તાખેજ (કયાંમત)ના વખત સુધી તે પોતાનાં કામમાં ફાવ્યા કરશે અને ત્યાર પછી શેતાની ખવાસ માણસમાંથી બીલકુલ નીકલી જશે અને સઘળી દુન્યાનાં લોકો ખોદાઇ માર્ગ અખતીઆર કરશે.

સ૦—બેહેશ્તનો સરદાર કોણ છે ?

જ૦—સ્પેંતોમઇન્યુશ.

સ૦—અવસ્તા પ્રમાણે બેહેશ્તનાં દરજ્જા કેટલા છે ?

જ૦—ચાર છે, જેવા કે હુમતનાં દરજ્જાવાલું એટલે નેક વીચાર કરનારાઓને મલે તે; હુખ્તનાં દરજ્જાવાલું એટલે નેક બોલનારાઓને મલે તે; હવરશ્તનાં દરજ્જાવાલું એટલે નેક કામો કરનારાઓને મલે તે; અને અનઘ્ર રઓચાઓ એટલે બેહદ રોશનીભરેલું.

સ૦—પાછલી કેતાબોમાં કેટલાં બેહેશ્ત જણાવેલાં છે ?

જ૦—સાત દરજ્જાનાં બેહેસ્ત છે, જેવાં કે ચીનવત પુલ, હમેસ્તગાંન, સતરપાયા, માહાપાયા, ખોરશેદપાયા, ગરોથમાંન અને અસર રોશની.

સ૦—દોજખનો સરદાર કોણ છે ?

જ૦—અંગ્રોમઇન્યુશ.

સ૦—અવસ્તા પ્રમાણે દોજખના તબકા કેટલાછે?

જ૦—ચાર છે, દુશમતના દરજ્જાવાળું એટલે બુરૂં વીચારનારાઓને મળે તે, દુજુખ્તના દરજ્જાવાળું એટલે બુરૂં બોલનારાઓને મળે તે, દુજ્વરશ્તના દરજ્જાવાળું એટલે બુરાં કામ કરનારાઓને મળે તે, અને અનઘ્રતેમ એટલે અતીશય અંધારૂં દોજખ.

પેગંબર અશો જરતોશત વીશે.



સ૦—પેગંબર એટલે શું ?

જ૦—ખોદાની તરફથી પેગામ અથવા દીનનો લાવનાર.

સ૦—આએ દુન્યામાં પેગંબરને આપવાનું કારણ શું ?

જ૦—માણસજાતને પાક ખોદાતાલાના હોકમ મુજબ ચાલવાની સમજ આપવા સારૂ, જેથી માણસો પાક ખોદાતાલાની મરજી મુજબનાં કામો કરીને આએ તથા આવતી દુન્યાનું સુખ અને મોટાઇ મેળવી શકે, પુનનાં કામો કરે, અને અનીતીનાં કામોથી દુર રહે.

સ૦—આપણા પેગંમબર સાહેબનું નામ શું ?

જ૦—જરતોશ્ત્ર સ્પીતમાન.

સ૦—એ શબ્દનો અર્થ શું ?

જ૦—ચલકતો તારો.

સ૦—જરતોશતને ચલકતો તારો કહેવાનું કારણ શું ?

જ૦—જેમ એક તારો અંધારી રાતે માણસોને રોશની આપીને તેઓને રસ્તો દખાડે છે તેમ પેગંબર અશો જરતોશ્તે અજ્ઞાન માણસોને ધર્મના

જ્ઞાનની રોશની આપીને ખોદાઇ માર્ગ દેખાડયો તેથી એને ચલકતો તારો કહે છે.

સ૦—એ નામની સાથે સ્પીતમાન એ શબ્દ આવેલો છે તેનું કારણ શું?

જ૦—સ્પીતમાન એ શબ્દનો અર્થ ઘણો પવિત્ર એવો થાય છે. પણ જરથોશ્તના વડવાઓમાં એવાં નામનો એક અશો માણસ થઇ ગયો છે કે જેના નામની ઓલખ પેગંબરના નામની સાથે આપેલી છે.

સ૦—જરતોશ્તનો જનમ કયે દહાડે થયો હતો?

જ૦—રોજ દહો અને માહા ૧લો એટલે ખોરદાદસાલને દીવસે.

સ૦—પેગંબર જરતોશ્તને થઇ ગયાને આજે કેટલાં વરસ થયાં?

જ૦—એના જમાના વીશે ચોકસ મત નથી પણ આશરે ૪૦૦૦ વરસ થયાં છે.

સ૦—પેગંબર સાહેબનો જનમ કયાં થયો હતો?

જ૦—ઇરાંન દેશમાં 'જબર' નામના પહાડમાંથી વેહેતી 'દરજીક' નામની નદીને કીનારે આવેલાં 'રએ' નામના શેહેરમાં થયો હતો.

સ૦—આપણા પેગંબરની માએ તથા બાપનું નામ શું?

જ૦—માએનું નામ દોગદો અને બાપનું નામ પોરોશસ્પ હતું.

સ૦—પેગંબર સાહેબની બાયડીનું નામ કહો.

જ૦—હવોવી.

સ૦—પેગંબરને કેટલાં છોકરાં હતાં ?

જ૦—૭, તેમાં ત્રણ છોકરા અને ત્રણ છોકરી હતી.

સ૦—છોકરાઓનાં નામ જણાવો.

જ૦—એસદવાસ્તર, ઉર્વતતનર અને હવરેચીથ્ર (યાને ખોરશેદચેહર).

સ૦—છોકરીઓના નામ દેઓ.

જ૦—ફ્રેની, થ્રીતી અને પોરૂચીસ્તી નામની ત્રણ છોકરી હતી.

સ૦—પેગંબર જરથોશ્તથી તે સ્પીતમાનસુધીની પેહેડી (બાપદાદાઓ)નાં નામ દેઓ.

જ૦—જરથોશ્ત, પોરોશસ્પ, પેતેરસ્પ, ઓર્વિદ-સ્પ, હેચદસ્પ, ચક્ષનોશ, પેંતેરસ્પ, અર્જદસ્પ, હરદાર અને સ્પીતમાન.

સ૦—પેગંબર જરથોશ્ત કોણની ઓલાદથી હતા?

જ૦—પાદશાહ ફરેદુનની ઓલાદથી.

સ૦—પેગંબર જરથોશ્તે ખોદાની હજુરથી દીનને લગતી સમજ મેળવવાની કોશેશ કેટલાં વરસની ઉમરે કરવા માંડી હતી ?

જ૦—તીસ વરસની ઉમરે.

સ૦—કેટલાં વરસની ઉમરે દીન જાહેર કીધી ?

જ૦—ચાલીસ વરસની ઉમરે.

સ૦—પેગંબરે કયા પાદશાહના વખતમાં અને કયા શેહેરમાં દીન ફેલાવી ?

જ૦—કએ ગુશતાસ્પના વખતમાં, બલખ શેહેરમાં.

સ૦—પાદશાહ કએ ગુશતાસ્પે પેગંબર જરથોશતની દીન કેવી તરેહથી કબુલ રાખી ?

જ૦—પાદશાહ કએ ગુશતાસ્પે જરતોશતની દીન પેહેલાં કબુલ નહી રાખી; પણ જારે અશો જરતોશતે કેટલાક મોજેજા બતાવ્યા; આદરબુરજીન નામનાં આતશનો ચમત્કાર તથા સરવનાં ઝાડનો મોજેજો તથા અવસ્તા કલાંમની ખુબીઓ દેખાડી ત્યારે પાદશાહે દીન કબુલ રાખી.

સ૦—પાદશાહને બીજી કઇ અસરથી દીન વીશે ખાતરી થઈ ?

જ૦—ફરેશતાઓની મારફતે તેની દીન કબુલ કરવાની પાદશાહને ચેતવણી મલી તથા કાબેલ વીદ્વાનોને બોલાવી તેઓની સાથે તકરાર કરાવી તેમાં અશો જરતોશ્તે દેખાડેલું કુદરતી શકતીવાલું જ્ઞાન જોઈને ગુશતાસ્પ પાદશાહે દીન કબુલ કીધી.

સ૦—અશો જરતોશતની દીન પાદશાહ ગુશતાસ્પે કબુલ કીધી તેનાં બદલમાં પેગંમબર જરતોશત તરફથી દાદારની હજુરમાં ચાહેલી દુવાથી તે પાદશાહને કઇ મોરાદ મલી હતી ?

જ૦—પાદશાહ ગુશતાસ્પે જીવતાં જીવત બેહેશતનું મકાન જોયું, તેનો બેટો અસ્પંદીઆર રોઇનતન એટલે જોરાવર બદનનો થયો. તેનો બીજો બેટો પેશુતન અમર્ગ થયો, અને તેનો વજીર જામાસ્પ ભવિષ્યમાં બનનારી વાત જાણનારો થયો.

સ૦—અશો જરતોશ્ત ખોદાની હજુરથી કઇ ચીજો લાવ્યો હતો.

જ૦—અવસ્તાનાં એકવીસ પુસ્તકો, આદરબુરજીન નામનો આતશ, અને સરવનું ઝાડ.

સ૦—જરતોશ્તનાં બચપણનાં મોજેજાઓ કેવી પ્રકારનાં હતા ?

જ૦—જનમતી વખતે તે હસીઓ હતો; તે શેહેરનો દારાંશરૂન નામનો જુલમગાર પાદશાહ જે જાદુગર હતો તેણે જરથોશ્તને મારી નાંખવાને ઘણાં ઉપાયો કીધા હતા તેમાં તે ફાવ્યો ન હતો.[1]

સ૦—તે ઉપાયો શું હતા ?

જ૦—જેવાકે વરૂઓનાં ટોલાંમાં નાખ્યો, આતશની ચેહમાં નાખ્યો એ વીગેરે તેને મારી નાખવાને ઘણાં ઘાટકી ઉપાય કીધા પણ તેમાં તેને કશી રીતનું નુકશાંન થયું નહી.[1]

સ૦—જરતોશ્તે ગુશતાસ્પને દીન જાહેર કીધી તે વખતે આતશનો શું ચમત્કાર દેખરાવ્યો હતો?

જ૦—આદરબુરજીન નામનો આતશ જે તે પોતાની સાથે લાવ્યો હતો તેમાં એવો ચમત્કાર હતો કે હાથમાં લે તોપણ હાથ દાઝતો ન હતો અને તે આતશ સુખડ તથા લાંકડાં વગર હમેશાં બલતો રોશન રેહેતો હતો[1]

સ૦—સરવનાં ઝાડમાં શું મોજેજો હતો ?

---

૧ પેહલવી દીનકર્દ.

જ૦—અરવનું ઝાડ જે તે લાવ્યો હતો તેનાં દરેક પાંદડાં ઉપર ગુશ્તાસ્પ પાદશાહને ચેતવણી આપવા સારૂ કુદરતી રીતે લખાઈ રહેલું હતું કે "ગુશ્તાસ્પ પાદશાહ તું જરથોશ્તી દીન કબુલ કર" એ વીગેરે ઘણાંક મોજેજાઓ ચમત્કાર ભરેલા તેણે કરી બતાવ્યા હતા.

સ૦—જરતોશ્તના જનમવાથી સ્પેનામીનોની પેદાયશને કેવી ખુશાલી થઈ?

જ૦—જરતોશ્તે દુન્યામાં ભલી ચીજોની આબાદી વધારવાનો, તથા નેક રાહ ઉપર ચાલવાનો માણસોને માર્ગ બતલાવ્યો તેથી જેટલી પેદાયશ સ્પેનામીનોની હતી તેટલી ખુશાલ થઇ અને સુકરાના માગવા લાગી કે જરથોશ્ત જેવો અથોરનાન અમારે માટે ભલે જનમ્યો.

સ૦—જરતોશ્તના જનમવાથી દેવો એટલે બુરા ખવાસના માણસોને શું નુકસાન થયું?

જ૦—તેઓ પસ્તાવો કરવા લાગા કે એ અશો માણસ આપણો નાશ કરશે, અને તેઓ બીધા કે આપણને કોઇબી બુરાં કામમાં ફાવવા નહી દેશે.

સ૦—જરતોશ્તે પોતાની દીન ફેલાવી ત્યારે બુરા દેવો અને દેવ અવતારી લોકોએ તેનો નાશ કરવાની કોશેશ કીધી ત્યારે તેઓને કેવી રીતે હરાવ્યા?

જ૦—તે પોતાના સાચા વીચાર, સાચાં વચન અને સાચાં કામો ઉપર મકંમ રહીને તેઓથી કંઈ

પણ રીતે બીધો નહી અને "યથા અહુવઈર્યો"નાં કલાંમ પઢીને તેઓનો નાશ કીધો.

સ૦—જરતોશતનો વડો સાગેર્દ કોણ હતો?

જ૦—તેનાં કાકાનો છોકરો મેદીઓમાહા.

સ૦—જરતોશતનાં બીજા સાગેર્દો કોણ હતા?

જ૦—જાંમાસ્પ, ફરશોસ્ત્ર, પાદશાહ કએ ગુશતાસ્પ, ગુશતાસ્પની બાનુ હુતોશી અને તેનો બેટો અસ્પંદીઆર વગેરે ઘણાંક સાગેર્દો થયા હતા કે જેઓનાં નામો ફરવરદીન યશતમાં આવેલાં છે.

સ૦—જરતોશતનાં સાગેર્દ એટલે શું?

જ૦—જરતોશતનાં હાથ નીચે ધર્મની કેળવણી લેનારા.

સ૦—જરતોશતની આગમચ ઈરાનના લોકો કયો ધર્મ પાળતા હતા?

જ૦—મજદયસ્ની ધર્મ પાલતા હતા.

સ૦—જરતોશતની આગમજના દીન પાલનારાઓને શું કહેતા હતા?

જ૦—પોઇર્યોતકેશી લોકો કેહેતા હતા.

સ૦—જરતોશતને પોતાનેબી પોઇર્યોતકેશ કહેલો છે તેનું કારણ શું?

જ૦—એને પોઇર્યોતકેશી કેહેવાનું કારણ એ કે એ પોઇર્યોતકેશી ધર્મમાં જનમ્યો હતો, અને એણે પોતાની દીનનો ફેલાવો તો ૪૦ વરસની ઉમરે કર્યો હતો.

સ૦—જરતોશતની આગમચ કયા માહાભારત પુરૂષોને દીનની આગાહી મળી હતી?

જ૦—ગૈઓમર્દ, હોશંગ, તેહમુરશ, જમશેદ, ફરેદુન, મીનોચેહેર, અને કેખુશરૂ.

સ૦—ઈરાંનમાં પોઇર્યોતકેશી ધર્મ કયાંથી તે કયાં સુધી ચાલુ હતો ?

જ૦—ગૈયોમર્દનાં વખતથી તે જરતોશત પેગંબરે દીન ફેલાવી ત્યાં સુધી.

સ૦—એ બધા મહાભારત પુરૂષોને આપણા ધર્મમાં કયાં નામથી ઓલખેલા છે ?

જ૦—સોશ્યંતો એટલે કે ધર્મના જ્ઞાનની રોશની આપી ખોદાઈ માર્ગ બતલાવનારા.

સ૦—જરતોશતની પછી કયા પુરૂષોએ મોજેજા બતાવ્યા હતા ?

જ૦—અરદાએવીરાફ અને આદરબાદ મારેસ્પંદ.

સ૦—અશો જરતોશત પછી તેનું કામ ચલાવનારા વડા ધર્મગુરૂને અવસ્તામાં શું નામ આપ્યામાં આવ્યું છે ?

જ૦—જરથુશ્ત્રોતેમો.

સ૦—એ બોલનો અર્થ શું ?

જ૦—અશો જરતોશતને ઘણોજ મલતો એટલે દસતુરાંને દસ્તુર યાને ધર્મનો વડો.

સ૦—જરતોશતનો ધંધો શું હતો ?

જ૦—અશો જરતોશતનો ધંધો દીનની સમજ વગરનાં લોકોને ખોદાઈ ધર્મ સમજાવી દીનનો ફેલાવો કરવાનો હતો.

સ૦—શા ઉપરથી તમે જાંણ્યું કે જરતોશ્તનો ધંધો એ હતો ?

જ૦—કેમકે અવસ્તામાં એક ઠેકાંણે બોલે છે કે ઘરોનાં, મોહોલાઓનાં, ગાંમના, દેશનાં અને મુલકોનાં બધાં માંણસોને દીન પ્રમાંણે વીચારવાને તે પ્રમાંણે બોલવાને અને તે પ્રમાણે કાંમો કરવાને હું શીખવશ અથવા ઉતેજન આપશ.

સ૦—અશો જરતોશ્ત કયા ધંધાઓનો ઉપરી હતો ?

જ૦—તે સાહેબને અથોરનાન, રથેશ્તાર, અને વાસ્ત્રીઓશનો પેશો કરનારામાં સૌથી સરસ ગણેલો છે. એટલે એ ત્રણ ધંધાદારીઓમાં તે વડો ગણાતો હતો.

સ૦—જરતોશ્તને "અથોરનાન"નો સરદાર કેહેવાનું કારણ શું ?

જ૦—જેમ એક અથોરનાંન અથવા મોબેદ પોતાનાં ધર્મનુ જ્ઞાન લઇને બીજાઓને શીખવે તેમ જરતોશ્તે પેહેલાં ખોદા તરફથી જ્ઞાન મેળવીને લોકોને ધર્મ સમજાવ્યો તેથી એને અથોરનાનનો સરદાર કહેલો છે.

સ૦—જરતોશ્તને રથેશ્તાર કહેલો છે તેનું કારણ શું ?

જ૦—જેમ એક રથેશ્તાર (એટલે પાદશાહ અથવા પેહેલવાંન પોતાનાં દેશને માટે લડી દુશમનને હરાવે તેમ જરતોશ્તે બુરાં માણસો જેઓ તેનાં

ધર્મની આડે આવતાં હતાં તેઓને તકરાર કરીને હરાવ્યાં તેથી "રથેશ્તાર"નો સરદાર કહેલો છે.

સ૦—એને "વાસ્ત્રીઓશ"નો સરદાર કાંય કહેલો છે?

જ૦—જરતોશ્તે માણસોને જમીન ખેડી તેમાં પાક વધારવા અને ઉદ્યોગી થવા શીખવ્યાં તે ઉપરથી એને "વાસ્ત્રીઓશ" એટલે ખેડુતોનો સરદાર કહેલો છે.

સ૦—પાક ખોદાતાલાએ અશો જરતોશ્તને શું મરતબો આપ્યો હતો ?

જ૦—'યજદ'નો ખેતાબ આપ્યો હતો કે જે ખેતાબ આ ફાંની દુન્યાંમાં બીજા કોઇબી માણસને મલ્યો નથી.

સ૦—એ ખેતાબ આપવાનુ કારણ શું ?

જ૦—પાક ખોદાતાલાનાં ફરમાંનને તાબે રહીને તેણે દીન ફેલાવી હતી અને પરહેજગારી અને નેકીનો આ દુન્યાંમાં વધારો કીધો હતો.

સ૦—જરતોશ્તે અહુરમજદને જોવાની ખાહેશ કેવી રીતે રાખી હતી ?

જ૦—અશોઇ અને રાસ્તીની મારફતે અહુરમજદને જોવાની ખાહેશ રાખી હતી.[1]

સ૦—પેગંબર જરતોશ્તના જન્મારાનો ટુંક હેવાલ આપો ?

જ૦—પેગંબર અશો જરતોશ્ત ઇરાંન દેશના 'રઍ' શેહેરમાં જનમ્યો હતો. તેના બાપનું નામ પોરોશસ્પ અને માએનું નામ દોગદો હતું. તે

(૧) યજશને હા ૬૦ મો ફ. ૧૨.

પાદશાહ ફરેદુનની ઓલાદનો હતો. તે જ્યારે જનમ્યો ત્યારે હસીઓ હતો. તેણે પોતાને સમજ મળતાંવાર પોતાના મનમાં ભલા વીચારનું રેહેઠાંણ કીધું હતું અને બેહમન અમશાસ્પંદની મારફતે તે ખોદાતાલાને મલ્યો હતો અને દીનને લગતાં ફરમાનોની સમજ મેલવી હતી, જે ફરમાનો તેણે માણસોમાં જાહેર કીધાં હતાં તે દીન લાવ્યો ત્યારે ઇરાંનમાં કએ ગુશતાસ્પ રાજ કરતો હતો જેણે પેહેલાં તેની દીન કબુલ નહી કીધી પણ જરતોશ્તે તેની પુરતી ખાતરી કીધાથી તેણે એ દીન કબુલ રાખી હતી તથા પોતાનાં બીજા મુલકોમાંબી તેનો ફેલાવો કરવામાં બનતી કોશેશ કીધી હતી. પછી તુર્કસ્તાનના પાદશાહ અરજાસ્પે ગુશતાસ્પને કેહેવડાવ્યું કે તું એ દીન છોડી દે પણ ગુશતાસ્પ તે દીન ઉપર મકમ રહયો તેથી સેવટે એક મોટી લડાઇ થઇ. તે વખતે જરતોશ્ત આતશબેહરામમાં બદંગી કરતા હતા તેવણને તુરબરાતુર નામના શખસે તલવાર મારી જેથી અશો જરતોશ્તનું મરણ નીપજ્યું હતું. તેવણ પોતાની પંચોતેર વરસની ઉમરે રોજ ૧૧મો ને માહા ૧૦મો બલખ શેહેરમાં મરણ પામ્યા હતા.[૧]

સ૦—ઉપર આવેલા સવાલો ઉપરથી જરતોશ્તની વર્તણુકનુ ટુંક બ્યાંન કરો.

---

૧ એ મોટા જવાબ પાઠ તરીકે વંચાવવો પણ મોહડે કરાવવો નહી અને શીક્ષકે તેનાં જુદા જુદા સવાલો કરવા.

૪૦-તે ઘણો ચમત્કારીક પુરૂષ હતો, તેણે સચાઈનો રસ્તો અખતીઆર કરવાને કોશેશ કીધી હતી તથા બીજાઓનેબી નેક માર્ગ બતાવ્યો હતો. તેને બીજાં ખરાબ માણસોએ તથા હેરેમને ઘણો લાલચમાં નાખ્યો હતો કે જો તું માજદીયસ્ની ધર્મ તજી દે તો હમો તુંને ઘણું દ્રવ્ય આપીએ પણ તે પોતાના ભલા વીચારનેજ વલગી રહીને ચાલ્યો હતો. તેણે બુરાં માણસોની સાથે ઘણી ફતેહમંદીથી લડાઇ કીધી હતી. તે પોતાની કોઇબી આફતની અંદર "યથા અહુ વૈર્યો"ના કલામો યાદ કરતો હતો અને તેજ એખલો માણુસ હતો કે જેણે બુરાં આદમીઓ જેઓ તેના વખતની આગમજ ઘણી ખરાબી કરતા હતા તેઓને મારી હઠાવ્યા હતા. તે પોતાનું ભલું ઇછિવા સાથે પોતાની દીન પાળનારાઓનું પણ ભલું ઇચ્છતો હતો. તે પોતાનો વખત ખોદાતાલાની બંદગી કરવામાં તથા વીદ્યા હુન્નરને લગતી બાબદોનો અભ્યાસ કરવામાં ગુજારતો હતો અને તેણે દીનની બાબદોના ઘણાએક સવાલોનો ખોલાસો ખોદાથી જાણ્યો હતો અને તેની વાકેફી મેળવીને આએ દુન્યાનાં માણસોને શીખવવા માંડયું હતું તેના ધર્મની મુખ્ય ખુબી એજ છે કે સારૂં વમાસવું, સાચું બોલવું અને સારાં કામો કરવાં અને આવતી દુન્યાનાં સુખને સારૂ જેમ બને તેમ નેકીનાં કામો કરી તૈયાર રેહેવું.[1]

---

[1] એ મોટો જવાબ પાઠ તરીકે વંચાવવો પણ મોહડે કરાવવો નહી અને શીક્ષકે તેનાં જુદા જુદા સવાલો કરવા.

૨૦

ધર્મ વીશે.

——00——

સ૦—ધર્મ એટલે શું ?

જ૦—આપણ માણસ જાતને પવિત્રાઈ તથા નીતીથી ચાલવાને અને દુન્યાની ફરજો બજાવવાને તથા માણસોએ અરસપરસ કેમ ચાલવું તે વીશે પેગંબરની મારફતે મોકલેલા કાયદા તે ધર્મ.

સ૦—માણસ જાતને ધર્મની શું જરૂર છે ?

જ૦—સઘલા કરતાં ધર્મ ઘણોજ અગત્યનો છે......."પરમેશ્વરનું તેનાં ગુણનું તથા તેની ઇચ્છાનું જ્ઞાન ધર્મથી આપણને થાય છે. વલી આપણો એટલે માણસ જાતનો સ્વભાવ, પરમેશ્વર જોડે આપણો સંબંધ, આ દુન્યામાં આપણી ફરજો, તથા આ ટુંકી મુસાફરી પુરી થયા પછી જે અંજાંણી જગામાં આપણને મુવા પછી જવું છે, એ સર્વ આપણે ધર્મ વડે જાંણીએ છીએ માટે ધર્મ ઘણોજ અગત્યનો છે."

સ૦—ધર્મથી આપણી ફરજ શું શું જાંણીએ છીએ ?

જ૦—"સર્વ માણસની પેહેલી અને સઉથી મોટી ફરજ એ છે કે પરમેશ્વરને સોધવો, તેને વીશે શું માનવું, તેની શી શી આજ્ઞા છે, અને આપણા શા શા ધર્મ છે તેની તજવીજ કરવી." એ પણ

આપણને ધર્મજ શીખવે છે માટે માણસને ધર્મની અગત છે. દરેક માણસમાં ધર્મ હોવો જોઇએ.

સ૦—ધર્મ વીનાનાં માણસની હાલત કેવી કેવી થાય છે ?

જ૦—ધર્મ વીનાનું માણસ હેવાનની હાલતે પોહોંચે છે અને જેમ એક સુકાંન વગરનું વહાણ દરીઆમાં અથડાઇને ઘસડાયા કરે છે અને પોતાનાં ધારેલાં ઠેકાંણામાં આવી પોંહોંચ્યા વગર ખરાબે અથડાઇને ભાગી જાય છે તેમ ધર્મ વગરનું માણસ ઇશ્વરને ઓલખ્યા વગરજ હેવાનની મીસાલે પોતાની કંગાલ જીંદગી ખતમ કરે છે.

સ૦—આપણા ધર્મનું નામ શું છે ?

જ૦—મજદીયસ્ની જરથોશ્તી દીન.

સ૦—એને ઉપલું નામ આપવાનું કારણ શું ?

જ૦—માજદીયસ્ની એટલે ખોદાને યાદ કરવાની દીન અને એની સાથે જરથોશ્તી બોલ બોલીએ છીએ તેનું કારણ એ કે તે દીન અશો જરતોશ્તની મારફતે મળી છે.

સ૦—મજદીયસ્ની દીન તે કઈ અને જરતોશ્તી દીન તે કઈ એ એની વચે તફાવત શું છે ?

જ૦—મજદયસ્ની દીન તે જરતોશ્તની આગમજની દીન અને જરતોશ્તી દીન તે મજદીયસ્ની દીનની અંદર કેટલોક વધારો કરીને જરતોશ્ત પેગંબરે જે દીન દેખડાવી હતી તે.

સ૦—મજદીયસ્ની જરતોશ્તી ધર્મ કોણે મોકલ્યો ?

જ૦—પાક પરવરદેગારે.

સ૦-ધર્મ કોણને સારૂ મોકલ્યો ?

જ૦—ખોદાના હુકમને તાબે રહીને ચાલવાને માણસ જાતને સારૂ મોકલ્યો છે.

સ૦—આપણા ધર્મનાં પુસ્તકો કઇ ભાષામાં લખેલાં હતાં અને હમણાં છે ?

જ૦—અવસ્તા તથા જંદ ભાષામાં.

સ૦—જરતોશ્તી દીનનું મુખ્ય તત્વ શું છે અથવા તેના મુખ્ય ફરમાનો કયાં છે ?

જ૦—હુમત (મનશની), હુખ્ત (ગવશની), હવરશ્ત (કુનશની) એટલે નેક વીચારવું, નેક બોલવું અને નેક કામો કરવાં એ ત્રણ મુખ્ય ફરમાનો છે અને એની ઉપર આખી દીનનો પાયો રચેલો છે.

સ૦—એ વીગેરે કોઈ બીજાં ફરમાનો છે?

જ૦—એ વીગેરે પારકાનું ભલું કરવું, દયા અને સખાવત કરવી, એક બીજાને મદદ કરવી, વાજબી માર્ગ અખતીયાર કરવો એવાં એવાં બેહદ નીતીનાં ફરમાનો આવેલાં છે.

સ૦—બીજી સઘળી દીનો કરતાં મજદીયસ્ની દીનની સરસાઈ કેવી છે ?

જ૦—જેમ એક મોટું ઝાડ નાના ઝાડને ઢાંકી નાખે છે, જેમ એક મોટા દરીઆનું પાણી નદીનાં પાણી ઉપર ફરી વળે છે, જેમ આસમાને જમીનને બધી તરફથી ઢાંકી નાખી છે તેમ મજદીયસ્ની દીને બીજી સઘળી દીનોને ઢાંકી નાખી છે.

સ૦—ત્યારે તમોએ કઇ દીન ઉપર એકીન રાખવું જોઇએ ?

જ૦—આપણે તો આપણા મજદીયસ્‌ની જર-તોશ્તી ધર્મ ઉપરજ એકીન રાખવું જોઈએ, કારણ કે સઘળી દીનોની ઉપર એ દીન સર્વથી સરસ છે.

સ૦—આપણો મજદીયસ્‌ની ધર્મ ઘણોજ પ-સંદ કરવાજોગ છે તે વીશે તમો જાણતા હો તે કહો.

જ૦—મજદયસ્‌ની ધર્મની નીતી ઘણીજ પસંદ કરવા જોગ છે અને એ ધર્મમાં એકલા પેદા કરનાર અહુરમજદને માનવાનું ફરમાન છે. એ ધર્મમાં બીજા પાકા ધર્મની નીંદા કીધી નથી. એ ધર્મની ખુબી એવી છે કે માણસ જેવાં કરતુક કરશે તેવો તેઓને બદલો મલશે.

સ૦—અવસ્તામાં એ ધર્મની શું તારીફ કીધી છે?

જ૦—"ભલી મજદીયસ્‌ની દીનની હું વખાંણ કરૂં છું, કે જે દીન અણઘટતો વાંધો લેવાથી દુર છે. પોતાનાં પેદા કરનારની સાથે સંબંધ ધરાવનારી છે."[1]

સ૦—એ ધર્મ વીશે પારકા ધર્મના વીદ્વાંનોનું કેવું મત છે ?

- **જ૦**—પારકા ધર્મનાં વીદ્વાંનો પણ આપણા ધર્મની ખુબીઓનું જ્ઞાન મેળવીને એ ધર્મ વીશે સારો વીચાર ધરાવે છે તેથી હમો મજદયસ્‌ની દીનમાં જનમીઆં છીએ તેને માટે હમો ભાગ્યસાલી અને ઘણાં મગરૂર છીએ.

---

૧ યજશને હા ૧૨ મો ક. ૯ મો.

સ૦—જરતોશ્તી ધર્મમાં એક ખોદાને માનવાનું છે કે એકથી વધારે ?

જ૦—જરતોશ્તી ધર્મમાં માત્ર એકજ ખોદાને માનવાનું ફરમાન છે અને તે ખોદાનું નામ અહુરમજદ છે.

સ૦—જેઓ એક કરતાં વધારે ખોદાને માને તેઓને આપણા ધર્મમાં શું કહે છે ?

જ૦—દેવયસ્ની એટલે કે દેવોને માનનારા.

સ૦—તમે ખોદાપરસ્ત છો તેની સાંબેતી આપો.

જ૦—"મજદયસ્નો અહમી" એટલે હું અહુરમજદને માનનારો છું. "આસ્તુયે દએનાંમ્ વંધુહીમ્ માજદયસ્નીમ્." એટલે જે અહુરમજદને માનવાની ભલી દીન ઉપર હું એકીન રાખું છું અથવા તેની ઉપર ચુસ્ત છું. અને આપણાં વડવાઓ ખોદા પરસ્ત હતા અને આપણે તેઓથી ઉતરતા આવ્યા તેથી આપણેબી ખોદા પરસ્ત ગણાયે.

સ૦—તમે એખલા અહુરમજદનેજ માનવાનો દાવો કરોછો ત્યારે તમો આતશ, પાણી, સુર્ય, ચંદ્ર ઈત્યાદીની નીઆએશ કરો છો તે વીશે તમે શું ખોલાસો કરી શકશો ?

જ૦—હમો તો માત્ર એકજ ખોદાને માંનીએ છીએ પણ પાક ખોદાતાલાએ માણસજાતનું ભલુ કરવાને માટે ઉપર કહેલી નુરી વસ્તુઓ પેદા કીધ છે તેથી તે વસ્તુઓની સનમુખ ઉભા રહીને તેઓમાં બખશેલા ગુણોની વખાંણ કરવા સાથે તે સર્વ

શકતીવાન સાહેબની સ્તુતી અને યાદ હમો કરીએ છીએ.

સ૦—જરતોશ્તી ધર્મના કાયદાને અવસ્તામાં શું નામ આપેલું છે ?

જ૦—'દાત વીદએવ' અથવા 'દાત જરથુશ્ત્રી' એટલે જે દેવથી જુદા જરતોશ્તના ધારા.

સ૦—પોઇર્યોતકેશી ધર્મ એટલે શું ?

જ૦—જરતોશ્તી ધર્મની આગમચ જે ધર્મ ઈરાનમાં પાલતા હતા તેને પોઇર્યોતકેશી ધર્મ કેહે છે.

સ૦—જરતોશ્તી ધર્મની ઉત્પંતી કયાં થઇ ?

જ૦—જરતોશ્તી ધર્મની ઉત્પંતી ઇરાન દેશના 'બલખ' શેહેરમાં કએ ગુશતાસ્પનાં વખતમાં થઇ.

સ૦—જરતોશ્તી ધર્મની ઉત્પંતી કોણથી અને કયારે થઈ ?

જ૦—એ ધર્મનો લાવનાર અશો જરતોશ્ત હતો, ઇરાનમાં જરતોશ્તની આગમજ લોકો મજદીયસ્ની ધર્મ પાલતા હતા તેનાં કાયદામાં લાંબી મુદત જવાને લીધે ફેરફાર થયો અને લોકો અસલ યજદાંપરસ્તી દીનથી વેગલાં જવાં લાગાં, દેવના માર્ગ ઉપર ચાલવા લાગાં અને બુતપરસ્તી કરવા લાગાં. તે વખતમાં પાક દાદરે અશો જરતોશ્તને પેગંમબર તરીકે મોકલ્યો.

સ૦—પેગંબર જરતોશ્ત ધર્મ લાવ્યા ત્યારથી તે કોણના વખત સુધી ધર્મ આબાદ હાલતમાં રહયો ?

જ૦—દારાએ દારાં પાદશાહના વખત સુધી આબાદ હાલતમાં રહયો.

સ૦—ત્યાર પછી તેની કેવી અવસ્થા થઇ ?

જ૦—ગ્રીસ દેશનો સીકંદર પાદશાહ ઇરાન ઉપર ચઢી આવ્યો ત્યારથી દીનનાં પુસ્તકોની જાળવણી રહી નહી અને દીનદારોને ઘટતી મદદ મળી નહી તેથી આપણો મજહબ ચઢતી હાલતમાં રહી શકયો નહી.

સ૦—પાદશાહ દારાં પછી આપણા જરતોશ્તીઓમાં ફેરફાર મત ચાલવા લાગાં તે વેલાએ મોજેજા દેખાડીને દીન ઉપર વિશ્વાસ કયા દસ્તુરે બેસાડયો હતો ?

જ૦—દસ્તુર અરદાએવીરાફે મોજેજા દેખાડીને દીન ઉપર પાછો વિશ્વાસ બેસાડયો હતો.

જરતોશ્તી ધર્મમાંથી મળતી નીતી વીશે.

સ૦—અવસ્તામાં નેકી અને અશોઇ સાથે કોણનું નામ જોડાયલું છે ?

જ૦—નેકી અને અશોઇ સાથે પાક દાદાર અહુરમજદનું નામ જોડાયલું છે.

સ૦—બદી તથા નાપાકી સાથે કોણનું નામ જોડાયલું છે ?

જ૦–બદી તથા નાપાકી સાથે નાપાક હેરેમનનું નામ આવે છે.

સ૦–કઈ કઇ ખસલતોને આપણે દૂર કરવી જોઇએ કે જેથી અંગ્રમઇન્યુશની પેદાયશનો ઘટાડો થાય અને સ્પેંતોમઇન્યુશની પેદાયશનો વધારો થાય.

જ૦–બુરા વીચાર, બુરા સખુનો, બુરાં કામો, અદેખાઇ, જુઠાઈ, આલસાઇ, દગો, કીનો કપટ, ગીબત વીગેરે બીજી સઘળી બદ ખસલતોને તજવી જોઇયે, કે જે ખસલતોથી આપણને તથા પારકાઓને નુંકસાન થતું હોય તે અટકે.

સ૦–દાદાર અહુરમજદની હજુરમાં હસ્તે મુખે જવા સારૂ કેવાં કામો કરવાં જોઇયે?

જ૦–તેણે ફરમાવેલા સઘલા હોકમોને તાબે રહીને નેકી અને અશોઇને લગતાં કામો કરવાં જોઇયે.

સ૦–તે વીશે અવસ્તામાં શું લખાણ મળે છે?

જ૦–અવસ્તામાં એમ આવે છે કે "ઓ! અહુરમજદ, અશોઇ કરવાથી હું તારી નજદીક પોહોચું અને તારી દોસ્તીમાં આવું."[૧]

સ૦–જરતોશ્તી ધર્મ પાલનાર માટે જે ત્રણ મુખ્ય ફરમાનો છે તે કયાં?

જ૦–હુમત (મનશની), હુખ્ત (ગવશની), હવરશ્ત (કુનશની) એટલે નેક વીચારવું, નેક બોલવું, અને નેક કામો કરવાં એ ત્રણ મુખ્ય ફરમાનો ઘણાં કીમતી છે.

---

૧ યજશને હા ૬૦ મો ફ. ૧૨ મો.

સ૦–અવસ્તામાં એ વીશે શું લખ્યું છે?

જ૦–અવસ્તામાં લખ્યું છે કે "નેક વીચાર, નેક બોલવું અને નેક કાંમોને હું રાખુ અને બુરા વીચાર, બુરા સખુન અને બુરાં કામોને હું તજી દઉં."[1]

સ૦–નેક વીચારનાર, નેક બોલનાર, અને નેક કામ કરનારનો મરતબો કેવો છે?

જ૦–નેક વીચારનાર, નેક બોલનાર, અને નેક કામો કરનારને અહુરમજદનો સૌથી સરસ દોસ્ત તરીકે ગણેલો છે.

સ૦–એ વીશે અવસ્તામાં શું આવેલું છે?

જ૦–"તમામ નેક વીચારોથી, નેક વચનોથી, અને નેક કરણીથી ઓ અહુરમજદ! હમો તુંને નમીએ છીએ, હમો તારા કરજદાર છીએ, અને તે કામોની મારફતે હમો તારી નજદીક પોહોચીએ."[2]

સ૦–સારાં કામ કરનારને શું ફાયદો થાય છે?

જ૦–સારાં કામ કરનારને આએ દુન્યામાં તેમજ આવતી દુન્યામાં સુખ મેળવવા વીશેની આશા રહે છે અને મીનો યજદોને લગતી યજદાંની શકતી તેને મદદ કરે છે.

સ૦–નેકીનાં કામો કીધાથી આએ જેહાંનમાં શું ફાએદો હાંસલ થાય છે?

---

૧ યજશને હા ૧૧ મો ફ. ૧૭ મો.

૨ યજશને હા ૧૩ મો ફ. ૫ મો.

જ૦—આએ જેહાંનમાં નેકી કરવાથી આપણને આ દુન્યાંનું સર્વ સુખ મલે છે. સર્વ લોક આપણને ચાહે છે તથા માન આપે છે.

સ૦—નેકી કરવાથી પેલી દુન્યાંમાં શું ફાએદા હાંસલ થાય છે?

જ૦—ગુજરવા પછી આવતી મીનોઇ દુન્યામાં સુખ મેલવવાની આશા રેહે છે. અને હંમેશગીનું સુખ ભોગવવાને જે બેહેશતનું મકાંન બનાવેલું છે તેમાં જવાને શકતીવાંન થઈએ છીએ અને ત્યાં ફ-રેસ્તાઓની સંગાતે ખુશીથી રહેવાને બને છે.

સ૦—બેહશતમાં કેવાં માણસો જઈ શકે છે?

જ૦—બેહશતનું મકાન અશો માણસોને માટેજ ખોલ્લું છે તેમાં કોઇબી પાપી માણસ દાખલ થઇ શકતું નથી.

સ૦—સખાવતનાં કામો કરવાથી શું ફાએદા થાય છે.

જ૦—સખાવતનાં કામો કરવાથી આપણી કીર્તી આ દુન્યાંમાં વધે છે અને આવતી દુન્યાંમાં આપણને મોટો દરજ્જો મલે છે. વલી આપણે આપણી શકતી પ્રમાણે સખાવત કરીએ છીએ તેથી સખાવતનો લાભ લેનારને કેટલીક તરેહનો ટેકો થાય છે અને તેની કેટલીક ગરજ સરે છે અને આપણાં હકમાં દુવા માંગે છે.

સ૦—સખાવત કોણને અને કેવી રીતે કરવી જોઇયે?

જ૦–ભુખ્યાની ભુખ ભાંજવી, નાગાને વસ્ત્ર આપવું તથા દર્દીનાં દુઃખનું નીવારણ કરવું એ સૌથી ઉમદા સખાવત છે.[૧]

સ૦–સલાહ સંપજ રાખવાથી શું ફાએદા થાય છે?

જ૦–આપણાં માબાપ, ભાઈ બેહેનો, પડોસીઓ, આપણા જાતભાઈ વગેરે બીજાંઓ સાથે હળીમલીને સંપથી ચાલવું જોઇયે. સંપથી કજીઆ કંકાસ દૂર હોવાને લીધે આપણને આપણું દરરોજનું કામકાજ કરવામાં, ભણવાગણવામાં ખલલ પડતી નથી.

સ૦–સલાહ સંપજથી નહી ચાલવાથી શું ગેર-ફાએદા થાય છે?

જ૦–આપણું હરેક કામ બગડે છે. માબાપ અને છોકરાં વચે દુશમની થાય છે. ભાઈ, બેહેનથી છુટો પડે છે અને પડોશીઓ સાથે અનબનાવ થાય છે તેથી અરસપરસનું કામ અટકે છે.

સ૦–એ ઉપરથી આપણને શીખાંમણ લેવા જોગ કાંઈ દાખલો આપશો?

જ૦–હજારો કીડીઓ એક નાનાં દરમાં સાથે રહી હળીમલીને એકેકને દુઃખ દેવા વગર સંપથી રેહે છે અને જોકે એ પ્રાંણીઓમાં અકલ જેવી શકતી બખશેલી નથી અને આપણ માણસને તો ખોદાતાલાએ અકલ આપી છે માટે આપણે સંપ જાલવી રાખી આપણા માબાપ વગેરે સાથે હળીમલીને ચાલવું જોઇયે એમાં ઘણી મોટી નીતી છે.

૧. પરગરદ ૪ થી ૫. ૪૪ મો.

સ૦—મરદોની માફક સ્ત્રીઓને પણ ધર્મની તેમજ દુન્યાની કેળવણી આપવા બાબે જરતોશ્તી ધર્મમાં કંઇ ફરમાન આવેલું છે?

જ૦—હાજી છે; શીખેલી અને ડાહાપણવાળી સ્ત્રીઓની અવસ્તામાં તારીફ ગાયલી છે જેમકે "દાનાવ, નેક વીચારવાળી, ઘણું નેક બોલનારી, અને નેક કામ કરનારી, પોતાનાં ધણીનાં તાબામાં રેહેનારી, અશો ઓરતને હમો યાદ કરીએ છીએ."

સ૦—ઠગાઇ કરવાથી શું સજા થાય છે?

જ૦—ઠગાઇ કરવાથી લોકોમાં બેઇજ્તી થાય છે તથા ધર્મનાં ફરમાનથી ઉલતું થાય છે અને તેથી આખરે દોજખનું મકાંન મળે છે.

સ૦—એ વીશે અવસ્તામાં શું લખેલું છે?

જ૦—અવસ્તામાં જણાવે છે કે "જે શખસ અશો માણસોને ઠગે છે તેનું મકાંન દોજખમાં થાય છે અને તેને માટે નાલાયક અને તાનાંભરેલા સખુનો દવો બોલે છે."[1] તાના ભરેલા સખુનો તે એકે દવો તેને ઉલટો ઠપકો આપીને કહે છે કે તેં અહુરમજદનું નીમક ખાઇને હેરેમનનાં કામો શું કરવા કીધાં?

સ૦—કોઈ પાંસે લાંચ લેવાય કે?

જ૦—નહીજી; લાંચ લીધાથી કોઇબી કામ આપાણું અંતઃકરણ ફરમાવે તેમ કરવાને બની

૧ યજશને હા ૩૧ મો ફ૦ ૨૦ મો.

શકતું નથી અને ધર્મનાં ફરમાનથી ઉલટું છે માટે લાંચ લેનારને તેની જીંદગી પછી દોજખનું બુરૂ મકાંન મલે છે.

સ૦–એ વીશે અવસ્તામાં શું લખાંણ મલે છે?

જ૦–"જે શખસ પોતાનાં ઓધાની રૂએ લાંચ લે છે તેનું મકાંન બુરૂ દોજખ છે. અને તે શખસ આ દુન્યાંનો નાશ કરનારો છે."[1]

સ૦–શું કોઇની અદેખાઇ કરવી ઘટારત છે?

જ૦–નહીજી; અદેખાઈ કરનાર પોતાનાં મનમાં હંમેશાં બલાપો રાખે છે અને તે કોઈનુંબી સારૂં કામ જોઇ શકતો નથી અને પોતે પોતાની મેહેનતથી ચઢતે દરજજે પોંહોંચવાની કોશેશ કરતો નથી પણ બીજાને કોઇબી રીતે નુંકશાન કરીને પોતે વધવાની કોશેશ કરે છે પણ તેમાં કાંઇ તેનું ફાવતું નથી.

સ૦–અદેખાઈ કરનારને શું ગેરફાએદો થાયછે?

જ૦–અદેખાઈ કરવી આપણાં મજહબની રૂએ અણઘટતું છે. જેમ એક મીનબતી બલવાથી થોડા વખતમાં પોતાની મેલે બલીને ભશમ થાય છે તેમ એક અદેખું આદમી અદેખાઇની આગથી બલી બલીને ખાક થાય છે અને બીજાને નુંકસાન કરવા જતાં પોતાનેજ નુંકસાન કરે છે.

સ૦–જરતોશ્તી ધર્મમાં અપવાસ (રોજો) કરવાનું ફરમાન છે કે નહી?

---

[1] યજશને હા ૩૨ મો ૫૦ ૧૩ મો.

જ૦—અપવાસ કરવાની સખત મનાઇ છે કેમકે જો માણુસ ભુખું રહે તો તેની શકતી અને ઉલટ ઓછી થાય છે અને આળસાઇ અને નાકવતી વધે છે અને ઉલટ અને શકતી વગર ધર્મનાં તેમજ સંસારનાં કામો થઈ શકતાં નથી અને શરીર નબલું થવાથી તનદોરસ્તી બીગડે છે માટે અપવાસ કરવો એ જરતોશ્તી ધર્મની રૂએ જોતાં અણુગટતું છે.[1]

સ૦—કોઈ માણુસના મરણ થવાથી તેનાં ખેશીઓ ભુખ્યાં રહે છે તે શું વાજબી છે?

જ૦—નહીજી; ઉપર કહેલાં કારણુને લીધે એવી રીતે ભુખ્યાં રહેવામાં ગુનાહ છે માટે કોઇબી વખતે હરગેજ થઇ ભુખ્યાં રહેવું નહી.

સ૦—જો કોઇ જરતોશ્તી પારકા મજહબની રીત પ્રમાણે ચાલીને માનતા કરે જેમકે દેવ દેહરાંને પુંજે, હરમાનને તેલ ચઢાવે, શીતળા માતાને તેનો કોપ ઉતારવા કંઈ માનતા કરે, 'મોઢમાવલી'ને જભલું ટોપી ચઢાવે તો તે આપણા ધર્મની રૂએ વાજબી છે કે નહી?

જ૦—આપણા ધર્મની રૂએ જોતાં તે કાંમ ઘણુંજ ગુનાહભરેલું અને કમાકમાટ ઉપજાવે એવું છે કારણુ કે તેમ કરવાથી આપણા પવિત્ર મજહબ ઉપરથી એકીન ઉઠાડીને પારકા ધર્મ ઉપર આપણે વિશ્વાસ લાવીએ એમ ગણાય અને વળી આપણા ધર્મમાં તો માત્ર એખલા ખોદાનેજ માનવાનું ફર-

---

૧ પરગરદ ૩ જી ફ. ૩૩ મો.

માન આવેલું છે ત્યારે તે સિવાય બીજા કોઇને માનીએ એમાં મોટું પાપ છે માટે દેવ દેહેરાં પુજવાં નહી અને માનતા કરવી નહી.

સ૦—બીજા સાથે અજીથીને ખાવામાં ગુનાહ શું છે?

જ૦—એમાં ગુનાહ છે એવું કહેવામાં અશો જરતોશ્તે ઘણુંજ ડાહાપણ વાપર્યું છે. એકની લબ બીજાના મોહડાંમાં જવાથી નુંકસાન થાય છે તેથી એક માણસને મોહડે અજીથાયલું પાણી અથવા ખોરાક બીજો માણસ પીચે યા ખાય તો તે માણસ નજીસાત ભરેલું છે એટલુંજ નહી પણ તંનદોરસ્તીને ઘણું નુકસાનકારક છે, અને એજ પ્રમાણે હાલનાં તબીબોનું તથા ફીલસુફોનું પણ મત છે કે એક બીજા સાથે અજીથીને ખાવું નહી.

સ૦—ઉઘાડે માથે ફરવાથી શું ગુનાહ છે?

જ૦—એમાં પણ જરતોશ્તી ધર્મની મોટી ફીલસુફી જણાય છે કારણ કે માથાંની ખોપરીની અંદર આપણાં શરીરનો ઘણોજ ઉમદા અને નાજુક ભાગ જે ભેજું તે રહે છે માટે તેને થંડી તથા સુરજની ગરમીથી બંચાવાને ઢાંકણ રાખવું જોઇયે.[1]

સ૦—ઉઘાડે પગે ચાલવાથી શું નુકસાન થાયછે?

જ૦—પગનાં પેહેરણથી બદનને સરદી લાગતી અટકે છે અને હાલનાં તબીબોનું મત છે કે પગમાં પેહેરણ રાખીને તેને ગરમ રાખ્યાથી તંનદોરસ્તી રહે છે અને તેથી ઘણાંક દરદો દુર થાએ છે.[1]

---

1 પતેત પસેમાંની

સ૦—ચોખાઈ તથા સુઘડાઇ રાખવાનું કારણ શું ?

જ૦—ચોખાઈ રાખવી એ આપણા ધર્મમાં ફરમાવેલા હુકમોમાંનો એક ખાસ હુકમ છે કેમકે ચોખાઇ રાખવાથી જીવને આરામ મળે છે અને તનને સુખ થાય છે જેમકે જે ઘરમાં કે ઓરડામાં આપણે રેહેતા હોઇએ તેને સફાઇભરેલું નહી રાખીએ તો આપણી તંદરેસ્તીને નુંકસાન થાય છે તેમજ આપણા આત્માને રેહેવાનું મકાન જે આપણું શરીર છે તેનેબી સાફ અને સ્વચ્છ નહી રાખીએ તો આપણા આત્માને ઇજા થયા વીના રેહેતી નથી.

સ૦—મનની ચોખાઈ વાપડવાને શું કરવું જોઇએ ?

જ૦—આપણા ધર્મની કેળવણી લઇને તેના મુખ્ય ફરમાન હુમત, હુખ્ત અને હવરેશ્ત કે જેમાં સઘળી જાતની નેકી, પવિત્રાઈ, અને નીતી સમાયલી છે તેથી આપણા મનને સ્વચ્છ કરી ચાલવું જોઇએ.

સ૦—આતશની જાળીવણી કરવાની શી અગતછે?

જ૦—આતશને જાળવવાની અગત એ છે કે તે આપણું ખાણું પકાવવામાં ઘણું અગતનું સાધન છે અને તે માણસ જાતને ઠંડીની વખતે ગરમી આપી સુખ આપે છે અને જે ગરમીથી સઘલાં માણીઓને જીવવાનો આધાર છે તે આતશજ છે માટે આપણાં ઘરમાં તેની જાળવણી કરવાથી ધર્મનાં ફરમાન પ્રમાણે સુખ થાય છે.

સ૦—પાણીને સ્વચ્છ રાખવાથી શું ફાએદા થાય છે?

જ૦—પાણીથી માણસને તેમજ સઘલાં પ્રાણીઓને જીવવાનો આધાર છે માટે દરેક જાતનું પાણી જેવું કે કુવા, તલાવ, નદી, ઝરા વીગેરેનું સ્વચ્છ રાખવું અને તેમ કરવાથી ધર્મનાં ફરમાન પ્રમાણે તંનદોરસ્તી વધે છે.

સ૦—આતશ ઉપર ખુશબો મુકવાથી શું ફાએદા થાય છે?

જ૦—આતશ ઉપર ખુશબો મુકવાથી હવામાં જે બદબો અથવા ખરાબ તત્વો હોય છે તે દુર થાય છે અને જે હવાનો આપણે હર પલે દમ લીજીએ છીએ તે સ્વચ્છ થાય છે તેથી ધર્મનાં ફરમાન પ્રમાણે તંનદોરસ્તીમાં ફાએદા થાય છે. અને એજ મતલબને લીધે આપણાં ઘરમાં સહવાર સાંજ લોબાંનની ધુપ આપીએ છીએ.[1]

સ૦—ખુશબો મુકનારની ઉપર આતશ શું દુવા કરે છે?

જ૦—"કે તારે ત્યાં ગોસપંદ તથા માણસોનું ટોલું વધે અને તું ખુશીભરેલી જીંદગીથી જીવે અને તારૂં મન ચાલાક રહે.[2]

૧ પરગરદ ૮ મી પ. ૭૯ તથા ૮૦ મો.
૨ યજશને હા ૬૨ મો ફ. ૧૦ મો.

બંદગી વીશે



સ૦—બંદગી એટલે શું ?

જ૦—આ દુન્યામાં પાક ખોદાતાલાની તાબેદારી તથા તેનાં ફરમાનો પ્રમાણે માણસોએ ચાલવું તથા તેની સ્તુતી અથવા પરસ્તેશ કરવી તેને બંદગી કહે છે.

સ૦—બંદગી કોણની કરવી જોઇએ ?

જ૦—એખલા ખોદાનીજ કરવી જોઇએ.

સ૦—પાક ખોદાતાલાની યાદ તથા સ્તુતી કરતી વખતે કઇ ચીજની સનમુખ ઉભા રહીને ભણવું જોઇએ ?

જ૦—પાક ખોદાતાલાની પેદા કીધેલી ઉમદા નુરી ચીજો જેવી કે સુરજ, ચંદ્ર, પાણી, આતશ વીગેરેની સનમુખ ઉભા રહેવું કેમકે તે ચીજો આપણી નજર આગલ હોવાથી આપણને ખોદા વીશેનો વીચાર આવે છે અને આપણા મન ઉપર સારી અસર થાય છે.

સ૦—જરતોશતની આગમજના ઇરાંનીઓ કેવી રીતે બંદગી કરતા હતા ?

જ૦—તેઓ પણ આપણી માફક સુરજ, ચંદ્ર, આતશ અને પાણી જેવી નુરી ચીજોની સનમુખ ઉભા રહી બંદગી કરતા હતા.

સ૦—બંદગી કેવી રીતે કરવી જોઇએ ?

જ૦—પાક પરવરદેગાર વીશે વીચાર મનમાં રાખીને એકાંત જગામાં અથવા દરેમેહેર જેવાં પાક મકાનમાં દોવા માગતા હોઇએ એવી રીતે હાથ ઉંચા કરીને અદબથી ખોદાતાલાના પાક કલામો શુદ્ધ ઉચ્ચારે ભણવા જોઇએ.

સ૦—બંદગી કરવાથી શું ફાયદો મળે છે ?

જ૦—બંદગી કરવાથી ખોદાના ફરમાન બજા લાવીએ છીએ તેથી તે સાહેબ આપણી સઘળી મોરાદો બર લાવે છે અને તન મનની સુખાકારી સાથે આપણને ધનની બખશેશ કરે છે, અને આપણને હરેક તરેહનો ફાયદો કરે છે અને આપણા મુવા બાદ સૌથી મોટો બદલો ગરોથમાન બેહશ્ત આપે છે.

સ૦—આપણે ખોદાની સ્તુતી અથવા યાદ કઈ જુબાનમાં કરીએ છીએ ?

જ૦—અવસ્તા જુબાનમાં.

સ૦—દરરોજ કેટલી વખત બંદગી કરવાની ફરજ છે ?

જ૦—દહાડાની પાંચે ગેહમાં બંદગી કરવાની ફરજ છે.

સ૦—હાવંન ગેહેમાં શું શું ભણવું જોઇયે. ?

જ૦—હાવંન ગેહેમાં સરોશ બાજ, ખુરશેદ તથા મેહેરની નીયાએશ, દોવા વીસ્પહુમત, દોવા નામ સેતાયશને, ચારે દીશાનો નમસ્કાર, હાવંન ગેહે, અહુરમજદ યશ્ત, અરદીબેહેશ્ત યશ્ત, અને સરોશ હાદોખ્ત.

સ૦–રપીથવન ગેહેમાં શું ભણવું જોઇયે ?

જ૦–રપીથવન ગેહેમાં ખુરશેદ તથા મેહેરની નીયાએશ, રપીથવન ગેહે, અને અરદીબેહેશ્ત યશ્ત.

સ૦–ઊજીરન ગેહેમાં શું ભણવાની અગત છે ?

જ૦–ઊજીરન ગેહેમાં ખુરશેદ તથા મેહેરની નીયાએશ, ઉજીરન ગેહે, અને સરોશ હાદોખ્ત.

સ૦–એવેસ્રુથ્રેમ ગેહેમાં શું ભણવું ?

સરોશબાજ, એવેસ્રુથ્રેમ ગેહે, રાતની સરોશ યસ્ત અને પતેત.

સ૦–ઉશહેન ગેહેમાં શું ભણવું જોઇયે ?

જ૦–સરોશબાજ, ઉશહેન ગેહે, અહુરમજદ યશ્ત અને સરોશ હાદોખ્ત.

સ૦–ત્યારે અવસ્તાના બીજા કલામો ઉપલી ગેહમાં ભણવા કે નહી ?

જ૦–અવસ્તાના કોઈબી કલામો દરેક ગેહમાં ભણે તો કંઈ ગુનાહ નથી એર્થા ઓર સવાબનો વધારો થાય છે પણ ઉપર લખેલી બંદગીઓ તો જરૂર ભણવી જોઇએ.

- **સ૦**–પાજંદ ભાષામાં કઈ કઇ બંદગીઓ જોડેલી છે ?

જ૦–નીરંગ કુસ્તી બાંધવાની, નીરંગ આબેજર લેવાની, દીનનો કલમો, દોવા નામ સેતાયશને, પતેત, તનદોરસ્તી, રોજ નેકનામ અને એ સિવાય બીજી નીરંગો.

સ૦—પતેત પાજંદ ભાષામાં છે ત્યારે અસલ અવસ્તા ભાષાની પતેત કઇ ?

જ૦—'ફ્રસ્તુયે હુમતોઇબ્યસ્ચા'નો કરદો.

સ૦—આપણે હાલમાં પતેત ભણીએ છીએ તે શા ઉપરથી બનાવવામાં આવી છે ?

જ૦—'ફ્રસ્તુયે હુમતોઇબ્યસ્ચા' ઉપરથી દસ્તુર આદરબાદ મારેસ્પંદ અને તે પછીના બીજા દસ્તુરોએ પાજંદ તથા ફારસી ભાષામાં પતેત જોડેલી છે તેને પતેત પશેમાની તથા પતેત ઇરાની ઇત્યાદી નામો આપેલાં છે.

સ૦—અવસ્તા ભાષાની પતેત ''ફ્રસ્તુયે હુમતોઈબ્યસ્ચા''ના ફકરાની સમજ આપો.

જ૦—મારા પોતાના નેક વીચાર, નેક સખુન, અને નેક કરણીથી નેક વીચાર, નેક સખુનો અને નેક કરણીઓની હું વખાણ કરૂં છું. સઘળા નેક વીચારો, નેક સખુનો, અને નેક કામોને હું અખત્યાર કરૂં. સઘળા બુરા વીચાર, બુરા સખુનો અને બુરી કરણીને હું તજી દેઉં. ઓ! અમશાસ્પંદો મારા નેક વીચારથી, નેક સખુનોથી, અને નેક કરણીઓથી અને મારાં ખરાં જીગરથી તમારી સ્તુતી ગાઉં અને તમોને હરદમ યાદ કરૂં અને મારા જાનની તમોને સખાવત કરૂં એટલે તમારી ઉપર મારો જાંન ફીદા કરૂં.

સુદરેહ અને કુસ્તી વીશે.

——:o:——

સ૦—મજદીયસ્નની જરતોશ્તી દીનની નીશાંન શું છે ?

જ૦—સુદરેહ અને કુસ્તી.

સ૦—સુદરેહ એટલે શું ?

જ૦—વાજબી માર્ગ ઉપર ચાલવાની નીશાંન અથવા એનો અર્થ ફાયદાભરેલો માર્ગ કરીને બી કરે છે.

સ૦—કુસ્તી એટલે શું ?

જ૦—કુસ્તીનો અર્થ અહુરમજદનાં ફરમાનની હદમાં રહીને ચાલવા સારૂ બાંધેલો કમરબંદ.

સ૦—સુદરેહ સફેદ રાખવાનું કારણ શું ?

જ૦—જેવો સુદરેહ સફેદ અને સ્વચ્છ છે તેવું આપણું અંતઃકરણ પાક અને સ્વચ્છ રાખવું.

સ૦—એ વીશે કાંઇ દાખલો આપી શકશો ?

જ૦—જેમ સફેદ સુદરેહ ઉપર કાંઇ દાઘ પડયો હોય તે તરત જણાઇ આવે છે તેમ માણસનું અંતઃકરણ પાપી હોય છે તેપણ તરત જણાઇ આવે છે. અને વલી સફેદ પોશાક મજદયસ્નની દીનની પવિત્રાઇની નીશાંની છે તેથી આપણાં દસ્તુર તથા મોબેદોબી પોતાનો હંમેશનો પોશાક સઘળો સફેદ રાખે છે.[1]

---

(૧) મેહેરયસ્ત ફ. ૧૨૬ મો.

સ૦–સુદરેહ ઉપર છાતી આગલ જે કોઠળીના આકારનું છે તેનું નામ અને મતલબ શું ?

જ૦–એને ગેરેબાન કરીને કહેછે અને તે સુદરેહ પેહેરનારો શખ્સ મજદીયસ્નીદીન ઉપર ઇમાન રાખનાર છે તે જણાવવાની નીશાની છે અને ગેરેબાનનો અર્થ ઈમાનવાળો કરીને બી થાય છે.

સ૦–કુસ્તી મેંઢાંનાં ઉનની બાંધવાનું કારણ શું ?

જ૦–તેનું કારણ એ કે મેંઢું ગરીબ અને નિર્દોષ પ્રાણી છે માટે તેનાં ઉનની કુસ્તી બાંધ્યાથી દરેક જરતોશ્તી એવું જણાવે છે કે તે ગરીબ ખવાસનો તથા બેગુનાહ રહેવાને બંધાયલો છે.

સ૦–કુસ્તીના તાર કેટલા છે ?

જ૦–બોતેર.

સ૦–તે શાની નીશાની જણાવે છે ?

જ૦–યજશનેના બોતેર હાની નીશાની.

સ૦–કુસ્તીના આંટા કેટલા વાળો છો ?

જ૦–ત્રણ.

સ૦–તે આંટા શું બતાવે છે ?

જ૦–મજદીયસ્ની દીનનો મુખ્ય પાયો જે ત્રણ બોલ હુમત, હુખ્ત, અને હવરશત છે તેની મીશાલ દખાડે છે એટલે કુસ્તીના આંટા વીટાળતાં દરેક જરતોસ્તી વીચારે છે કે નેક વીચારૂં, નેક બોલું અને નેક કામ કરૂં.

સ૦–કુસ્તીનાં ગાંઠ કેટલા છે ?

જ૦–ચાર છે.

સ૦—પેહેલો ગાંઠ બાંધતી વખતે મનમાં શું વીચારવુ જોઇયે ?

જ૦—પેહેલો ગાંઠ બાંધતાં તે કુસ્તી બાંધનાર પોતાનો કબુલાત આપે છે કે ખોદા એકજ છે અને તેનાં જેવો બીજો કોઇજ નથી.

સ૦—બીજો ગાંઠ બાંધતાં શું વીચારવું જોઇયે ?

જ૦—બીજો ગાંઠ બાંધતાં મજદયસ્ની દીન સાચી છે અને તે ખોદાતાલાની તરફથી મોકલવામાં આવી છે તે વીશેની કબુલાત આપે છે.

સ૦—ત્રીજો ગાંઠ બાંધતાં શું યાદ કરવું ?

જ૦—પેગંબર જરતોશ્ત ખોદાનો મોકલેલો બરહક પેગંબર છે તે વીશે અંતઃકરણથી કબુલાત આપે છે.

સ૦—ચોથો ગાંઠ બાંધતાં શું વીચારવું જોઇયે ?

જ૦—જ્યાંસુધી મારી જીંદગી છે ત્યાંસુધી મારાથી જેમ બને તેમ સારાં કાંમો કરવાની કબુલાત આપું છું.

સ૦—કુસ્તી અંદરથી પોકલ રાખવાનું કારણ શું?

જ૦—આ અને પેલી દુન્યાં વચેનો તફાવત બતાવે છે.

સ૦—કુસ્તીના લર કેટલા છે અને તે શાની નીશાંની છે ?

જ૦—બે છે; અને તે વરસના બે ભાગ જે હાવન અને રપીથવન છે તે બતાવે છે.

સ૦—વરસનાં બે ભાગ હાવન અને રપીથવન તે કીયા ?

જ૦—ફરવરદીન મહીનાંના અહુરમજદ રોજથી તે મેહેર મહીનાંના અનેરાન રોજ સુધીનો જે ભાગ તે રપીથવન અને આવાં મહીનાંનાં અહુરમજદ રોજથી તે વહીશ્તોયશ્ત ગાથા સુધીનો જે ભાગ તે હાવન.

સ૦—કુસ્તીની લરી કેટલી છે અને તે શું બતાવે છે ?

જ૦—૭ છે; અને વરસના ૭ ગહંબારની તે નીશાંની છે.

સ૦—કુસ્તી બાંધતી વખતે કઇ તરફ મોહોડું કરવું જોઇએ.

જ૦—કુસ્તી બાંધતી વખતે ખોદાની ઉમદા પેદા કીધેલી ચીજ જે સુરજ તેની તરફ મોહોડું કરવું જોઇયે. કારણ કે સુરજની અંદર તે પાક ખોદાતાલાની કુદરતની શકતી હોવાને લીધે પાક અવસ્તામાં તેને અહુરમજદનું બદન તરીકે ગણેલો છે.[૧]

સ૦—સુરજની ગેરહાજરીમાં કયાં કુસ્તી કરવી ?

જ૦—જો સુરજ નહી હોય તો રાતને વખતે ચેરાગ, ચંદ્ર, અને તારાની સનમુખ ઉભા રહીને કુસ્તી કરવી સજાવાર છે.

સ૦—કેટલાં વરસનાં બચ્ચાંને સુદરેહ કુસ્તી પેહેરાવવો જોઇએ ?

---

૧ યજશને હા ૩૬ મો ફ. ૬ ઠો.

જ૦—બચ્ચાંની સાતમાં વરસની ઉમરે સુદરેહ કુસ્તી પેહેરાવવાનું ફરમાન છે.

સ૦—સુદરેહ કુસ્તી પેહેરવાને લાયક થવા સારૂ કેટલા અવસ્તા મોહોડે ભણી જાણવા જોઈએ ?

જ૦—યથા, અષેમ, નીરંગ કુસ્તી બાંધવાની, નીરંગ આબેજર લેવાની, સરોશબાજ, જમવાની અને પીસાબની બાજ, હોશબામ, ખુરશેદ તથા મેહેરની નીયાએશ, પાંચે ગેહે, પતેત, અહુરમજદ યશ્ત, અરદીબેહસ્ત યશ્ત, સરોશ યશ્ત, અને એ વગેરે બીજી બાબદો જાણે તો વધારે સારૂં.

સ૦—નવજોત એટલે શું ?

જ૦—નવજોત એટલે નવો જોતી અથવા નવો બંદગી કરનાર એટલે સુદરેહ પેહનાર મજદયસ્ની દીનમાં દાખલ થઈને ખોદાની બંદગી કરનાર થાય છે.

સ૦—જરતોશ્તી ધર્મમાં દાખલ થનાર પોતે કેવી રીતની કબુલાતો આપી દાખલ થાય છે ?

જ૦ હું મજદયસ્ની છું એટલે અહુરમજદને પુજનારો જરતોશ્તનાં ધર્મને લગતો છું. (મજદયસ્ની જરતોશ્તી દીનની) તારીફ કરનાર અને તેને કબુલ કરનાર હું છું. સારા વીચારોની, સાચા સખુનોની અને સારાં કાંમોની હું તારીફ કરૂ છું. ભલી મજદયસ્ની દીનને હું અંતઃકરણથી ચાહુ છું.

સ૦—ભલી મજદયસ્ની દીનને અંતઃકરણથી ચાહાવાનું કારણ શું ?

જ૦—કેમકે જે દીન કજીઓ કંકાસ દુર કરનારી છે, જે દીનની ખુબીઓ એટલી તો ઉત્તમ છે કે તે કબુલ કરાવતાં હથીઆર વાપડી જોર જુલમ પાડવાની ફરજ પડતી નથી, જે દીન ખોદા સાથનો તથા માણસોમાં અરસપરસનો સંબંધ વધારનારી અને પવિત્ર છે. જે દીન બીજી દીનો જે હાલ છે અને જે હવે પછી થશે તેનાં કરતાં ઘણીજ ખુબી-વંતી, ઘણીજ ભલી અને ઘણીજ નેક છે જે દીન અહુરમજદ અને જરતોશ્તને લગતી છે. મજદયસ્ની દીનની આવી રીતે હંમેશાં વખાંણ થાઓ.

સ૦—જરતોશ્તી ધર્મની અંદર દાખલ થનાર બચ્ચાં ઉપર શું શું ક્રિયા કરવામાં આવે છે ?

જ૦—યોજદાથ્રગર મોબેદ પેહેલાં નહાન નહવાડે છે તે વખતે "હધાનેપાત" યાને દાડમનાં ઝાડની પાંદડી બાજ ધરાવીને ચવડાવે છે અને તેનો રસ પીને તે પાંદડી થુંકી નાખવામાં આવે છે. પછી નીરંગદીન નામની ક્રિયાથી તૈયાર કીધેલા નીરંગ ત્રણ વખત એવી રીતની કબુલાત સાથે પાય છે કે, આએ નીરંગદીન હું મારાં બદન અને આત્માની પાકીને સારૂ પીઉં છું; પછી બાજ મુકાવીને પતેત ભણાવે છે. ત્યાર પછી કપડાં કઢાવીને બદન ઉપર નીરંગ ચોપડાવી ચોખ્ખાં પાણીથી નહવાડે છે અને પછી એક બેઠક કીધેલી હોય છે ત્યાં બેસાડે છે. પછી દ-સ્તુર તથા મોબેદ જે નવતજોની મજલેસમાં આવ્યા હોય છે તેઓ સુદરેહ પેહેરનારની સાથે એક પતેત

ભણે છે. તે વખતે સુદરેહ પેહેરનારના ડાબા હાથ-માં સુદરેહ પકડાવી રાખે છે પછી સુદરેહ પેહેરાવનાર દસ્તુર અથવા મોબેદ ઉઠીને તે બાલકને દીનનો કલમો ભણાવીને મજદીયસ્ની જરતોશ્તી દીન સાચી છે તે વીશે તેને કબુલાત કરાવી સુદરેહ પેહેરાવે છે, અને તેની ઉપર કુસ્તી બાંધે છે, જે વખતે કુસ્તી બાંધનાર દસ્તુર અથવા મોબેદ તે બચ્ચાનાં હાથ સાથે પેવન્દ પકડીને કુસ્તી હાથમાં રાખી પેહેલાં પાક દાદારની હજુરમાં સ્તુતી કરવા સાથે તે સાહેબની બંદગી કરવા અને હેરેમનને તોડવા સારૂ તેની તરફથી એક જોતી એટલે બંદગી કરનાર બનાવે છે તે વીશેનું વર્ણન કરે છે. ત્યાર પછી અહુરમ-જદની ખશનુમનને યાદ કરીને નીરંગ કુસ્તી બાં-ધવાની સુદરેહ પેહેરનાર સાથે ભણી જાય છે અને તેની ઘટતી ક્રિયા કરીને કુસ્તી બાંધે છે પછી તે બાલકને બેસાડીને નવજોત કરનાર હોશબામ પઢે છે અને પછી નાલીઅરની કાતરી તથા દાડમના દાણા તે બચ્ચાં ઉપર નાખતાં તેને કેટલીએક દોવા કરે છે કે જેને 'તંદરોસ્તી' કહે છે, ત્યાર પછી તે ક્રિયા ખલાસ થાય છે.[૧]

---

૧ એ મોટો જવાબ બચ્ચાંઓ પાસે મોહડે કરાવવો. નહી પણ શિક્ષકે પાઠ તરીકે વંચાવીને તેની સમજ તે-ઓનાં મનમાં ઠસાવવી.

ગહંબાર, ગાથા, ગેહ અને જશન વીશે.

——oo——

સ૦—ગહંબાર બોલનો અર્થ શું?

જ૦—સઘળા જરતોશ્તીઓને એક જગોએ એકઠા મળીને બંદગી કરવાનો વખત.

સ૦—ગહંબાર કરવાનું કારણ શું?

જ૦—આખા વરસમાં રૂતુઓનો ફેરફાર થાય છે તે દરેક રૂતુની શરૂઆતમાં જગતના બનાવનારનો આભાર માનવાને ખુશાલીનાં જશનો કરવામાં આવે છે.

સ૦—ગહંબાર કેટલા છે? તેઓના નામ દેઓ.

જ૦—ગહંબાર છ છે, પેહેલો **મેદીઓજરેમ,** બીજો **મેદીઓશેમ,** ત્રીજો **પેતશેમ,** ચોથો **અયાથરેમ,** પાંચમો **મેદીયારેમ,** છઠો **હમસ્પેથમેદેમ.**

સ૦—એ છ ગહંબારનાં નામોનો અર્થ શું થાય છે?

જ૦—**મેદીઓજરેમ,** એટલે "ભર વસંત રૂતુનો વખત;" **મેદીઓશેમ** એટલે "ભર ઉનાળાનો વખત;" **પેતેશેમ** એટલે "અનાજની વાવણીનો વખત;" **અયાથરેમ** એટલે "અનાજની કાપણીનો વખત;" **મેદીયારેમ** એટલે "વરસાદનો અથવા ધંધા રોજગારથી ફરસુદનો વખત;" **હમસ્પેથમેદેમ** એટલે "વરસને પુરૂં

કરનારો વખત અથવા રાત અને દહાડો સરખો થવાનો વખત."

સ૦—દરેક ગહંબારના દીવસો કેટલા તથા કયા મહીનાના કયા દહાડાથી શરૂ થાય છે?

જ૦—દરેક ગહંબારના દીવસ પાંચ છે. **મેદ્દીઓજરેમ** ગહંબાર અરદીબેહસ્ત મહીનાંના ખોરશેદ રોજે શરૂ થાય છે અને દેપમેહર રોજે આખેર થાય છે.

મેદ્દીઓશેમ તીર મહીનાના ખોરશેદ રોજથી તે દેપમેહેર રોજ સુધી.

પેતેશેમ શેહરેવર મહીનો ને આશતાદ રોજથી તે અનેરાન રોજ સુધી.

અયાથરેમ મેહર મહીનાના આશતાદ રોજથી તે અનેરાન રોજ સુધી.

મેદ્દીયારેમ દએ મહીનાના મેહર રોજથી તે બેહરાંમ રોજ સુધી.

હમસ્પેથમેદમ વરસની આખેરીએ અસ્પંદારમદ મહીનો પુરો થવા પછી ગાથાના પાંચ દાહાડાઓની સાથે આવે છે.

સ૦—એ છ ગહંબારમાં ખોદાતાલાએ શું શું પેદા કીધું?

જ૦—પેહેલામાં આસ્માન, બીજામાં પાણી, ત્રીજામાં જમીન, ચોથામાં ઝાડપાન, પાંચમામાં જાનવરો અને છઠામાં માણસો.

સ૦—શું ગહંબારમાં જરૂર સામેલ થવું જોઇએ?

જ૦—દરેક જણે પોતાની બનતી કોશેશથી ગહંબારમાં સામેલ થવું જોઇએ કેમકે, ખોદાતાલાએ તે વખતે જે વસ્તુઓ માણસ જાતને સારૂ પેદા કીધી છે તે વીશે તેનો આભાર માનવા સારૂ જરતોશ્તીઓને સામેલ થવાની ફરજ છે અને તેમ નહી કરવાથી તેઓ નીમકહેરામ થાય છે.

સ૦—ગાથા એટલે શું ?

જ૦—વરસની આખેરીએ આફતાબની ચાલની **કસરથી વધેલા** દીવસો, અને તે દીવસોને પાક અવસ્તામાં ગાથાવાણીને નામે ઓળખાતા કવિતારૂપી જે અવસ્તા છે તે ઉપરથી નામો આપવામાં આવેલાં છે.

સ૦—ગાથા કેટલા છે ? તેઓનાં નામ આપો.

જ૦—પાંચ છે ; **અહુનવદ, ઓશતુઅદ, સ્પેંતોમદ, વોહુખશથ** અને **વહીશતોયશ્ત.**

સ૦—ગેહ એટલે શું ? તે કેટલી છે તેનાં નામ આપો.

જ૦—ગેહે એટલે આખા દાહાડાના પાંચ ભાગ કરેલા છે તે, તેમાંનાં દરેકને ગેહે કરીને કહે છે. તેઓનાં નામ—**હાવન, રપીથવન, ઉજીરન, અવેસરૂથરેમ** અને **ઉશાહેન.**

સ૦—ઉપલી ગેહેનો વખત કયો છે ?

જ૦—સહવારે સુરજની રોશની પડવા પછીથી બપોરે બાર વાગા સુધી હાવન ગેહે; બપોરના

બારથી તે ત્રણ વાગા સુધી રપીથવન; ત્રણથી તે સાંજે સુરજ અસ્ત પાંમે તથા ઝઝકલું રહે ત્યાંસુધી ઉજીરન; તારા દેખાય ત્યારથી તે રાતે બાર વાગા સુધી એવેસ્રુથ્રેમ; અને રાતે બાર વાગેથી તે સહવાર સુધી ઉશહેન ગેહે.

સ૦—બપોરે બાર વાગાથી તે ત્રણ વાગા સુધી રપીથવન ગેહે આખું વરસ ભણાય કે ?

જ૦—નહીજી; ફરવરદીન મહીનાનાં અહુરમજદ રોજથી તે મેહેર મહીનાનાં અનેરાન રોજ સુધીજ ભણાય. પણ આવાં મહીનો ને અહુરમજદ રોજથી તે વહીશતોયશ્ત ગાથા સુધી બીજી હાવન ભણવી જોઇયે.

સ૦—જશન એટલે શું ?

જ૦—પાક દાદાર અને તેના પેદા કીધેલા યજદ અમશાસ્પંદોની આરાધના કરવાના દીવસને જશન કરીને કહે છે.

સ૦—આખાં વરસમાં કેટલાં જશનો છે ?

જ૦—બાર જશનો છે એટલે કે દરેક મહીનાનાં નામવાલો જે રોજ આવે તે દહાડે જશન કરવામાં આવે છે.

સ૦—ઇરાનમાં કયાં મુખ્ય જશનો વખણાયલાં હતાં ?

જ૦—મેહરંગાંન, અરદવીસુર અને આદરગાંનનું જશન.

સ૦—જમશેદી નોરોજનાં જશનનો અર્થ શું ?

જ૦—કુદરતી વરસ સરૂ થવાનું અથવા વસંત રૂતુનાં શરૂ થવાનાં વખતે કરવામાં આવતું જશન.

સ૦—એ જશન પેહેલું કયારથી ? અને કોણે શરૂ કીધું ?

જ૦—જે દીવસે જમશેદ પાદશાહ ગાદીનશીન થયો તે દીવસ ફરવરદીન મહીનો ને અહુરમજદ રોજ હતો તે દીવસે નવુ વરસ સરૂ કરીને એ જશનની શરૂઆત કીધી હતી.

સ૦—ત્યારે એ નોરોજ ફરવરદીન મહીનો અને અહુરમજદ રોજે નથી પડતો તેનું કારણ શું ?

જ૦—તેનું કારણ એ કે આપણી હકુમત હતી ત્યાંસુધી આફતાબની ચાલના કસરના વખતને ગણત્રીમાં લેતા હતા તે ચાલ આપણા ટોલામાંથી પાછલથી નીકળી જવાને લીધે એ ફરક પડયો છે.

સ૦—આફતાબની ચાલનો કસરનો વખત એટલે શું ?

જ૦—આફતાબ યાને સુરજ પોતાનું વરસ દહાડાનું ફરવું બારે રાશીમાં બરોબર ૩૬૫ દહાડા પાંચ કલાક, ૪૮ મીનીટ અને ૪૫ સેકંડે પુરૂં કરી રહે છે અને મેશ રાશીમાંથી નીકલેલો બારે રાશી પુરી કરીને પાછો મેશ રાશીમાં આવતાં તેને ઉપર જણાવેલો વખત થાયછે જેને આફતાબી વરસ કહે છે. પણ આપણા રોજ માહની ગણત્રી પ્રમાણે દર

માસના તીસ રોજ લેખે ૩૬૦ દીવસ થાયછે અને તેમાં ગાથાના વધારાના પાંચ દીવસો ઉમેરતાં ૩૬૫ દીવસનું વરસ આપણે હાલ ઘણાએક વરસ થયાં ગણુતા આવ્યા છીએ તેથી દર વરસે પાંચ કલાક ૪૮ મીનીટ તથા ૪૫ સેકંડની કસર ગણુત્રીમાં નહી લેવાથી કેટલીક મુદતનો ફેર પડી ગયો છે.

માણસની ફરજો તથા તેના ગુજરવા પછીની હાલત વીશે.

સ૦—માણુસની મુખ્ય ફરજો શું છે?

જ૦—પેહેલી ફરજ ખોદા તરફની, બીજી મા-બાપ તથા ભાઈબંધો તરફની અને ત્રીજી પોતા તરફની.

સ૦—ખોદા તરફની ફરજો શું શું છે?

જ૦—તે પાક કીરતારે માણુસને સારૂ દુન્યામાં અનેક ચીજો પેદા કીધી છે અને માણુસ તે સઘળી ચીજોને ઉપયોગમાં લાવી તેનો ભોગવટો કરે છે તેના ઉપકારના બદલામાં ખોદાતાલાની દરરોજ બંદગી, સ્તુતી અને યાદ કરવી અને તે સાહેબનો ડર રાખી આ દુન્યામાં ચાલવું સજાવાર છે.

સ૦—તે સાહેબનો ઉપકાર દરરોજ કેવી રીતે માંનવો ?

જ૦—દરરોજ બીછાનાં ઉપરથી ઉઠતી વખતે પાક પરવરદેગારનું તથા અશો જરતોશતનું નામ દેવું. તે સાહેબે આપણુને આખી રાત આજાર અને દુ:ખોથી સંભાળીને આપણુને પાછા જીવતાં ઉઠાડીને ખોરશેદની રોશની પાછી બખશી અને તે રોશનીથી દુન્યા ઉપરની સઘળી ખરાબ હવા અને રોગો કાઢી નાખી આપણુને બીજો નવો દીવસ બખશીઓ તે માટે તે સાહેબને યાદ કરવો.

સ૦—એ ફરજ અદા કીધા પછી બીજુ શું કરવું ?

જ૦—ત્યાર પછી નાહી ધોઇને આપણાં અંગને પવિત્ર કરવું અને એકાંત જગામાં બેસીને ખોદાની તારીફ કરવા સારૂ દર રોજ બંદગીમાં ગુતાવું જોઈએ. અને પછી આપણા ગુજરાંનને માટે ઉદ્યમ અને ધંધો રોજગાર કરવો.

સ૦—રાત્રે સુતી વખતે ખોદાનો કેવી રીતે આભાર માંનવો ?

જ૦—બીછાંને જતી વખતે આપણાં પેદા કરનાર સાહેબને યાદ કરવો અને આપણાં કાંમમાં મદદ કરી તેણે આપણું ગુજરાન કીધું અને રાતનાં ખુઆબ જેવી આસાએશ આપી માટે તેનો આભાર માની તેનુ નામ દઇ ખાબ કરવો.

સ૦—માબાપ તરફની તમારી ફરજ શું છે ?

જ૦—આપણાં માબાપે આપણને જન્મ આપી આપણનું પાલણ પોશન કરીને અને હરેક રીતની આપણી જતન કરવામાં તરેહ તરેહનાં દુઃખો ખમીને આપણને મોટાં કીધાં માટે આપણી ફરજ છે કે તેઓનાં હોકમમાં રહીને જ્યારે તેઓ ઘરડાં થાય ત્યારે તેઓને મદદ કરવી સજાવાર છે તેમ કરવાથી આપણાં છોકરાંઓબી આપણી નકલ કરશે.

સ૦—એ વીશે ધર્મનુ શું ફરમાન મલે છે ?

જ૦—દાદાર અહુરમજદ ફરમાવે છે કે જે કોઈ પોતાનાં માબાપને રાજી રાખે તેણે મને ખુશી કીધા બરોબર છે, પણ જો કોઇ પોતાનાં માબાપને નાફરમાન થઇને દુઃખ દે અને દલગીર કરે તો મને દલગીર કરવા અને દુઃખ દેવા બરોબર છે.

સ૦—ઉસ્તાદ અથવા શિક્ષક તરફની તમારી શું ફરજ છે ?

જ૦—ઉસ્તાદે આપણને જે કેળવણી અને જ્ઞાન આપ્યું છે તે જ્ઞાનને સારે માર્ગે વાપરીને આ દુન્યાંમાં જીંદગી નીતીથી ગુજારી પેલી દુન્યામાં બેહેશ્ત હાંસલ કર્યે છીએ માટે ઉસ્તાદનો આભાર માનવો સજાવાર છે.

સ૦—બુજોર્ગો તરફની તમારી શું ફરજ છે ?

જ૦—બુજોર્ગો એટલે આપણાથી વડાંઓને નમીને ચાલવામાં અને તેઓની સારી શીખાંમણો પ્રમાણે ચાલવામાં આપણને મોટો ફાયદો છે કેમકે તેમ કીધાથી ખોદાતાલાનાં ફરમાનને માન આપ-

વા બરોબર છે. નમીને ચાલવાથી કાંઇ આપણી પીઠ ભાગી જતી નથી.

સ૦—તમારા પોતાનાં ધર્મ તરફ કેવી ફરજ અદા કરશો ?

જ૦—એ પવિત્ર ધર્મમાં ખોદાતાલાની મહા શકતીનું ઘણું બ્યાન આવેલું છે અને કુદરતનાં ભેલનું જ્ઞાન પણ એ ધર્મની મારફતે આપણે ઘણું મેલવ્યે છીએ માટે એ જરતોશતી ધર્મ ઉપર એકીન રાખીને તેનેજ વલગી રહેવું, અને બીજા ધર્મ ઉપર એતેકાદ રાખવો નહી પણ જરતોશ્તી ધર્મનો હંમેશાં ફેલાવો કરવાની કોશેશ કરતાં રહેવું એ ઘણી મોટી ફરજ છે.

સ૦—આપણાં ભાઇબંધો તરફની શું શું ફરજો છે?

જ૦—આપણાં મજહબની રૂએ માણુસ જાતની ફરજ છે કે પોતાનું ભલું કરવા સાથે પારકાનુબી ભલુ કરવું અને આપણાં ભાઇબંધોનું સારૂં ચાહવું; તેઓને મદદ કરવી, તેઓને કેલવણી આપવી, તેઓને રોજીનો માર્ગ સોધી આપવો, બદ રાહ ઉપર ચાલતા હોય ત્યાંથી ખસેડીને સારા માર્ગ ઉપર લાવવા, અને અનેક તરેહનાં બીજા ફાયદા કરી આપવા.

સ૦—એ વીશે અવસ્તામાં શું જણાવેલું છે ?

જ૦—અગર જો સારી ચાલનાં માણસો પૈસા સોધતા આવે (યાને પૈસા માંગવાની ખાહેશથી આવે) અથવા અકલ સોધતા (યાને શીખવાની ખાહેશ રાખતા) આવે તો તેઓને પૈસા તથા

કેલવણી આપવી.[૧] એની મુખ્ય મતલબ એજ કે જો આપણો કોઇબી ભાઇબંધ તંગીમાં આવી પડયો હોય તો તેને આપણાથી જેમ બને તેમ મદદ કરીને સુખ આપવું જોઇયે.

સ૦—આપણો પોતા તરફની ફરજો શું છે?

જ૦—આપણે પોતે પોતાના શરીરની સંભાળ રાખવી. આપણી તનદોરસ્તીને સારૂ જે ઉપાય લેવા ઘટે તે ઉપર ધ્યાંન આપતાં રહેવું, લોકોમાં આપણી આબરૂ ઇજત રહે તેમ કરતાં રહેવું, આપણાં મરણ બાદ આપણું નામ કાયમ રહે તે માટે કીર્તી ભરેલાં કામો કરવાની કોશેશ કરતાં રહેવું.

સ૦—બીજી આપણ પોતા તરફની ફરજો કઇ કઇ છે?

જ૦—સાચ્ચું બોલવું, જુઠાંને ધીકારવું, આપણો ફરજોમાંની એક અગતની ફરજ સચ્ચાઇની તરફેણ કરવાની છે. આપણે સચ્ચાઇથી ચાલ્યે તો ખોદા આપણાં ઉપર ખુશ થઇ આપણને લાંબી જીંદગી, રોજી અને સુખ આપે છે. સાચ્ચું બોલ-વાથી આપણાં માબાપનું તથા આસપાસનાં લોકનું હેત તથા ચાહા વધે છે તથા કીર્તી ગવાય છે. અને જયાંબી તે જાય છે ત્યાં ફતેહ પાંમે છે. સાચ્ચાં માણસની ઉપર કોઈ ખરાબ ઈરાદાથી ફાવી શકતું નથી.

---

૧ પરગરદ ૪ થી ફ૦ ૪૪ મો.

સ૦—સચ્ચાઈથી ન ચાલવાથી શું ગેરફાયદા થાય છે ?

જ૦—જુઠા સખુનો બોલનારની હાની થાય છે. ખોદા તેનાં ઉપર મેહેરબાંન થતો નથી અને તે માણુસ ઉપર કોઇ વિશ્વાસ રાખતું નથો તેથી તે જુઠું બોલનાર બધાંઓથી ધિક્કાર પાંમે છે અને એખલો પડી જાય છે અને જ્યાંબી જાય છે ત્યાં તે ફજેત અને બેહુરમત થાય છે અને એમ થવાથી દુન્યાંથી રદ થાય છે માટે જુઠાંને દુર કરવું અને સચ્ચાઇની હંમેશાં તરફેન કરવામાં આપણી અગતની ફરજ જાંણુવી.

સ૦—આ દુન્યાંમાં આપણી જીંદગી વધારે સુખી કરવાની બીજી કઇ ફરજ છે ?

જ૦—આપણાં મનને કેલવણી આપવાની છે. કેલવણી લીધાથી માણુસ સારાં નરસાંનો વીચાર સેહેલથી કરી શકે છે. અને આપણે આપણાં પેદા કરનાર સાહેબનું જ્ઞાન મેલવ્યે છીએ. દુન્યાંદારીનાં કામ કરવામાં અને મસીદ્ધ માણુસ થવાને આપણુ શકતીવાંન થયે છીએ. કેલવણીનાં ગુણથી આપણાં ખોદા, માબાપ, ભાઈબંધ, સગાં અને જાતભાઈ તરફ કેમ વરતવું યાને દુન્યામાં નીતિથી કેમ ચાલવું તે સઘલુ જાણ્યે છીએ, માટે કેલવણી હાંસેલ કરવી એ આપણી જરૂરની ફરજ છે.

સ૦—એ સિવાય કોઈ બીજી ફરજો તમોને યાદ છે ?

જ૦—બીજી ઘણીએક ફરજો આપણુને અદા કરવી છે જેવી કે—આપણાં દેશ તથા રાજ કર્ત્તા તરફની, ખેતીવાડીનો વધારો કરી દેશની આબાદાની કરવાની, ધર્મનો ફેલાવો કરવાની, નીતી ફેલાવવાની, સખાવત કરવી, દરદીઓનાં દરદ ટાલવાં, પરોપકારનાં કામો કરવાં, નાગાં ભુખ્યાંને અન્ન વસ્ત્ર આપવાં, કોઇનો જાન બચાવવો, ઉદ્યોગ કરવો, સારા વીચારને વલગી રહેવું, દયા બતાવવી, સારી આબરૂ મેલવી મખ્યાત થવું, મંડલીને તથા દુન્યાંને અગતના થઈ પડવું, સારાં કામોમાં ભાગ લેવો, ચોરી કરવી નહી, નીંદા અને ચાડી ચુગલી કરવી નહી, કોઈને દુઃખ દેવું નંહી, જુલમ ગુજારવો નહી, કુસંગત છોડી દેવી, અભીમાન, મગરૂરી કે અહંકાર કરવો નહી, નઠારી ટેવ છોડવી, અને એ સીવાય બીજા જે અવગુણો હોય તે દુર કરી સદગુણોથી વરતવાની બીજી ઘણીક ફરજો છે.

સ૦—માણસના ગુજરવા પછી તેના જીવનું શું થાય છે અને તે કયાં જાય છે તે વીશે ટુંકમાં સાર કહી જાઓ ?

જ૦—માણસના મરી જવા પછી તેનો જીવ ત્રણ રાતસુધી જ્યાં તેનાં બદનને ઘરમાં મુકેલું હોય ત્યાં તેના માથાં તરફની જગા આગલ રહે છે. જો તે માણસ અશો હોય છે તો તેનો જીવ ઘણો ખુશ રહે છે અને તેને કશી વાતની ફીકર રેહેતી નથી પણ જો તે પાપી હોય છે તો તે ઘણો બીહે છે

અને ફીકર કરે છે કે હવે હું કયાં જવશ, મારૂં શું થશે, મને જો પાછો જીવતો કરે તો હવેથી ઘણાં સારાં કામો કરૂં એવા એવા વિચાર તેને આવે છે; અને ત્રીજી રાતની બામદાદે ચીનવત પુલ નામનો બેહશ્તમાં જવાનો માર્ગ લે છે. જો ગુજરનાર શખસ અશો હોય છે તો તેને એક ઘણોજ ખુશબોદાર પવન આવે છે કે જેવો પવન તેણે આ દુન્યામાં કદી દમમાં નહી લીધેલો હોય. અને પછી એક કુમારી કન્યાના આકારમાં ઘણીજ ખુબસુરત ઓરત તેની નજદીક આવે છે અને પેલાં રવાનને કહે છે કે તેં તનોમંદ દુન્યામાં જેવી કરણી કીધી હતી તેના નમુનાનો આએ દેખાવ છે. પછી તેનો ઇનસાફ થાય છે અને તે ખુબસુરત ઓરત તેને આગલ ચલાવીને લઈ જાય છે તે વખતે ચીનવત પુલ ઘણો પોહોલો થાય છે જેથી પેલું રવાન સેહેલથી તેના ઉપરથી પસાર થાય છે, પછી બેહમન અમશાસ્પંદ સુનેરી તખત ઉપરથી ઉઠીને આદરમાન આપી સામે લેવા આવે છે અને તેને મુબારકબાદી આપતાં કહે છે કે તનોમંદ દુન્યામાં ઘણીક લાલચ અને પાપી કામોને હઠાવીને તમો આએ મીનોઇ જેહાંનમાં આવ્યા તો તમારા ધનભાગ્ય! ત્યાર પછી તેને અહુરમજદની નજદીક લઇ જાયછે જ્યાં ગુજરી ગયલાં અશો માણસોના જીવ રહે છે અને ત્યાં તેને અમૃતનું પ્યાલું પાય છે, અને તે બેહશ્તમાં ઘણાં સુખ સાથે આસાએશ ભોગવે છે—

જો ગુજરનાર માણસ પાપી હોય છે તો તેના હકમાં એથી ઉલટુંજ થાયછે. જ્યારે તેનો જીવ ત્રીજી રાતની બામદાદે ચીનવત પુલ ઉપર જાયછે ત્યારે તેને ઘણોજ ગંધાતો પવન આવે છે જે તેનાથી ખમાઇ શકાતો નથી અને પછી એક ઘણીજ બદસુરત ઓરત—ખુંધી, લુલી, લંગડી ઇત્યાદી એબોથી ભરેલી, તેની સનમુખ આવેછે અને પેલાં પાપી માણસને કહેછે કે તેં તનોમંદ દુન્યામાં જે પાપી કરમો કીધાં તેના નમુનાનો આ દેખાવ છે. પછી તેનો ઇનસાફ થાયછે અને ચીનવત પુલ એટલો તો છરીની ધાર જેવો બારીક થાય છે કે તે ઉપર તેનાથી ચલાતું નથી અને ત્યાંથી તે દોજખમાં ટુટી પડે છે જ્યાં તેને લોહી તથા પરૂનું પ્યાલું પાય છે અને દોજખનો સરદાર જે હેરેમન તે તેને ઉલટો ઠપકો આપેછે કે તેં અહુરમજદની રોટલી નીમક ખાઇને હમારી તરફેણનું કામ શું કરવા કીધું ? ત્યાર પછી હમેશ સુધી દોજખનાં અંધારા ગારમાં તે રવાન દુઃખ ભોગવતું રહે છે અને એક દીવસ ગુજરે છે તે એટલો તો કંટાલા ભરેલો અને લાંબો લાગેછે કે જાણે સતાવન વરસ ગુજરીઆં હોય. એ વિગેરે બીજાં ઘણાએક દુઃખો તેને ખમવાં પડેછે.[1]*

---

[1] યસ્તફ્રેગમેંટ ફ૦ ૧ લાથી તે ૩૮ સુધી તથા પેહેલવી વીરાફ્નામું.

* આ આખો જવાબ છોકરાંઓને મોહડે કરાવવો નહી પણ પાઠ તરીકે વંચાવવો, અને શિક્ષકે તેનાં છુટા છુટા સવાલો કરીને તેની અસર બચાંઓનાં મગજમાં ઉતારવી.

સ૦—માણસનાં ગુજરવા પછી તેનાં સગાંવહાલાં રડે તો આપણાં ધર્મ પ્રમાણે તે ગુનાહભરેલું છે કે નહી?

જ૦—જો રડે તો બેશક ગુનાહ લાગે કારણ કે જે જગોએ બેસીને રૂદન કરેછે તે જગા અથવા મકાંનની અંદર યજદ અમશાસ્પંદોનું આવવું જવું કમ થાય છે તેથી તે મકાંનમાં વસનારાં આદમીઓનાં સુખનો ઘટાડો અને દુઃખમાં વધારો થાયછે.[2]

સ૦—રડવું એ ગુનાહ ભરેલુંછે એમ તમારા ધ્યાનમાં આવે છે કે નહી?

જ૦—હાજી; કેમકે ખોદાતાલાએ તેને પેદા કીધું અને તેણેજ તેને પાછું બોલાવી લીધું તેથી આપણને રડવું ઘટારત નથી. જોકે માણસોને ઘણો વખત સુધી તેની સાથે રહેવાથી તેનાં તરફ પ્યાર દોડે છે અને તેનાં જવાથી દલગીરી ઉત્પંન થાય છે તેથી સબુરી થઈ શકતી નથી એ ખરૂં છે, તો પણ રડવું ઘણું નામુનાસેબ છે.

સ૦—માણસ ગુજરી ગયું તેની લાસને (ગુજરેલાં બદનને) કેવી રીતે ઠેકાંણે પાડવી?

જ૦—જેમ બને તેમ જલદીથી તેનાં શરીરને લઇ જઇને પાહાડની ઉંચી જગા ઉપર સુરજની રોશનીમાં ખોલ્લું મુકવું કે જ્યાંથી પક્ષીઓ તેને જોઇને જલદીથી તેનો નાશ કરે.[3]

---

૨ પરગરદ ૩ જી ફ૦ ૧૧ મો.

૩ પરગરદ ૬ ઠી ફ૦ ૪૪–૪૫ મો.

સ૦–ગુજરેલાંની લાસને જલદીથી ઠેકાંણે પાડવાનું કારણ શું ?

જ૦–ગુજરેલી લાસ અંદરથી તુરત કોહવા માંડે છે તેથી તેમાંથી ખરાબ નુંકસાનકારક હવા નીકળે છે કે જે હવા આસપાસની સારી હવા કે જે માણસોનાં દમમાં લેવામાં આવે છે તેને બગાડે છે.

સ૦–ગુજરેલાંની લાસને તરત લઈ જવાને ન બને તો શું ઉપાય કરવો ?

જ૦–તે લાસને જીવતાં માણસોથી દુર રાખીને પછી ત્યાં આતશ ઉપર ખુશબો બારવી કે જેથી કરીને તેમાંથી નીકલતી ખરાબ હવા નુંકસાન કરે નહી.

સ૦–ગુજરેલાંનાં સગાંવાહાલાંઓ તેની ઘણી નજદીક બેસે છે તે કંઈ ગુનાહભરેલું છે ?

જ૦–હાજી; જો ગુજરેલાંની ઘણીજ નજદીક બેસે તો તેમાંથી નીકલતી ખરાબ હવા જીવતાંઓએ દમમાં લેવાથી તેઓને પોતાને નુંકસાન થાય છે તેથી ધર્મનાં ફરમાન પ્રમાંણે ગુજરેલાંથી વધુ દુર બેસવું.

જરતોશ્તી ધર્મને લગતાં પુસ્તકો વીશે.

——oo——

સ૦—અવસ્તાનાં પુસ્તકો આગમજ કેટલાં હતાં?

જ૦—એકવીસ અને તેને એકવીસ નુસ્કને નામે સર્વ કોઇ ઓલખતા હતા અને ઓલખે છે.

સ૦—એ પુસ્તકોના નામ શા ઉપરથી રાખ્યાં હતાં અને તે કયાં નામો છે ?

જ૦—યથા અહુવૈર્યોના એકવીસ બોલો ઉપરથી એ પુસ્તકોનાં નામો રાખ્યાં હતાં જેવાં કે—યથા ; અહુ ; વૈર્યો; અથા; રતુશ; અશાત્; ચીત્; હચા; વંઘેઉશ્; દજદા; મનંઘો; શ્કયોથ્નનામ્; અંઘેઉશ્; મજદાઈ; ક્ષથ્રેમચા ; અહુરાઇ; આ ; યિમ્ ; દ્રેગુબ્યો ; દદત્ ; વાસ્તારેમ્.

સ૦—એ એકવીસ નુસ્કના કેટલા ભાગ કીધા હતા ?

જ૦—ત્રણ ભાગ; સાત પુસ્તકો બંઘે દુન્યાની બાબદો વીશે, સાત પુસ્તકો ધર્મને લગતાં, અને સાત રાજદવારી બાબદ તથા વિદ્યા હુનરને લગતાં હતાં.

સ૦—એ બધાં પુસ્તકો હાલ આપણી પાસે છે?

જ૦—તે સઘલાં પુસ્તકો સંપુરણ હાલતમાં રહ્યાં નથી પણ 'દદત્' નામનું પુસ્તક આખું મલે છે અને બીજાં પુસ્તકોનો થોડો થોડો ભાગ મલે છે.

સ૦—ત્યારે બીજાં પુસ્તકોનું શું થયું ?

જ૦—આપણા વડવાઓનું જ્યારે ઈરાનમાં રાજ હતું તે વખતે ગ્રીસ દેશના સીકંદર પાદશાહે તથા ત્યાર પછી મુસલમાન લોકોએ ચઢાઇ કીધી તે વખતે કીનો રાખી આપણા ધર્મના પુસ્તકોનો નાશ કીધો હતો તેથી આપણી પાસે બધાં પુસ્તકો રહ્યાં નથી.

સ૦—'દદતૂ' નામના પુસ્તકમાં શું શું છે?

જ૦—વંદીદાદ, યજશને અને વીસ્પરદ છે.

સ૦—વંદીદાદની કેટલી પરગરદ છે.

જ૦—બાવીસ.

સ૦—યજશનેના કેટલા 'હા' (એટલે પાઠ) છે?

જ૦—બોંતેર.

સ૦—વીસ્પરદના કેટલા કરદા છે?

જ૦—બાવીસ.

સ૦—એ સિવાય બીજા કંઇ અવસ્તા છે કે નહી?

જ૦—હાજી છે; ખોરદેહ અવસ્તા, વીશ્તાસ્પ નુંસ્કની આઠ પરગરદ, તથા દામદાદ નુસ્કનો થોડો ભાગ, તથા હાદોખ્ત નુસ્કની ત્રણ પરગરદ અને એ સિવાય કેટલાંક પેહલવી પુસ્તકોમાં દાખલા તરીકે જુદા જુદા નુસ્કના ફકરા લખેલા મલે છે.

સ૦—ખોરદેહ અવસ્તામાં નીઆયશ કેટલી અને યશ્ત કેટલી છે?

જ૦—ખોરદેહ અવસ્તામાં નીઆયશ પાંચ છે અને યશ્ત બાવીસ છે.

સ૦—તે નીઆયશ કઈ કઇ છે?

જ૦—ખુરશેદ નીઆયશ, મેહર, માહાબોખ-તાર, અરદ્દીસુર, અને આતશની નીઆયશ.

સ૦—યશ્તોનાં નામો આપો ?

જ૦—અહુરમજદ યશ્ત, હપતંગ, અરદીબેહશ્ત, ખોરદાદ, આવાં, ખોરશેદ, મહા, તીર, ગોશ, મેહર, સરોશ હાદોખ્ત, તથા રાતની વડી સરોશ યશ્ત, રશને, ફરવરદીન, બેહરામ, રામ, દીન, અરશીશવંગ, આશતાદ, જમ્યાદ, વનંત, હોમ, અને સીરોજા યશ્ત.

ઈરાન દેશ તથા અવસ્તામાંથી મલતા ઈરાનના પાદશાહો વીશે.

—oo—

સ૦—અવસ્તા પ્રમાણે પૃથ્વી ઉપર કેટલા ખંડ છે ?

જ૦—સાત ખંડ છે, જેને હપ્તકેશ્વર કહે છે.

જ૦—તેઓનાં નામ આપો.

જ૦—અરેજહિ, સવહિ, ફ્રદધફ્શુ, વીદધફ્શુ, વોઉરૂબરેશ્તી, વોઉરૂજરેશ્તી, ખનિરથબામી.[1]

સ૦—અવસ્તામાં મુખ્ય દેશોના નામ આવે છે તે કયા ?

જ૦—અઇર્યનામ્ દખ્યુ (ઇરાનદેશ), તૂઇર્યનામ્ દખ્યુ (તુર્કસ્તાન), સઇરિયનામ્ દખ્યુ (સિરિઆનો

---

૧ ફરગરદ ૧૯ મી ફ. ૩૯ મો.

મુલક), સાઇનિનામ્ દખ્યુ (ચીન દેશ), દાહીનામ્ દખ્ય (?) એ વીગેરે બીજા કેટલાક દેશો છે.[1]

સ૦—અવસ્તામાં કયા પાહાડોનાં નામ મળે છે ?

જ૦—અવસ્તામાં ૨૨૪૪ પાહાડોની સંખ્યા જણાવેલી છે તેમાંના કેટલાકનાં નામઃ—હરએરેજઇતિ (અલબુર્ઝ,) હુકેરે, ખનવંત્, રએવંત્, અસ્નવંત, હિંદ, અરેજુર, ઉશીધ, એરેઝીફ્રય, એ વિગેરે બીજા.[2]

સ૦—અવસ્તામાં કયા કયા દર્યાનાં નામો આવેછે?

જ૦—વોઉરૂકશ, કાંસું, પુઇતિક, એવાં નામો આવે છે.

સ૦—અવસ્તામાં કઇ નદીઓનાં નામ મળે છે ?

જ૦—અર્દ્વી, દાઇતિ, રંઘા, ચેચસ્ત, વીતંગુહઇતિ વિગેરે બીજી કેટલીકનાં નામો મળે છે.

સ૦—પેહેલવેહેલી વસ્તી કયાં અને કયાં શેહેરમાં થઇ ?

જ૦—ઇરાન દેશનાં ઇરાનવેજ નામનાં શેહેરમાં પેહેલવેહેલી વસ્તી થઇ હતી, પછી વસ્તીનો વધારો જેમ જેમ થતો ગયો તેમ તેમ લોકો બીજાં શેહેરમાં જઇ વસ્યાં, એ વીશેનો ખોલાસો વંદીદાદની પેહેલી પરગરદમાં આવે છે.

---

૧ ફ્રરવરદીન યશ્ત. ૫. ૧૪૩ મો.

૨ જમ્યાદ યશ્ત ફ. ૧ થી તે ૭ સુધી.

સ૦—અવસ્તા પ્રમાણે ઈરાન કયા ખંડમાં આવેલું છે ?

જ૦—ખનિરથબામી નામના ખંડમાં છે.

સ૦—ઈરાન શબ્દનો અર્થ શું ?

જ૦—ઈરાન એટલે દીનદાર તથા ભલા લોકોનું રેહેઠાણ.

સ૦—દુન્યામાં પેહેલું આદમી કોણ પેદા થયું હતું ?

જ૦—ગયોમરથ્ન (ગયોમર્દ)

સ૦—એ શબ્દનો અર્થ શું ?

જ૦—મરવા લાયક જીંદગી અથવા ખાકી જીંદગી ધરાવનાર.

સ૦—ગયોમર્દને વાસ્તે અવસ્તામાં કંઈ લખાંણ આવેલું છે ?

જ૦—અવસ્તામાં તેને વીશે એમ આવે છે કે સઘળા ઇરાનીઓનો તે બાપ હતો એટલે કે ઇરાનીઓ તેનાથી ઉતરેલા હતા અને અહુરમજદની પેહેલવેહેલી શીખામણ તેણે સાંભળી હતી.[૧]

સ૦—ગયોમર્દ કયો ધર્મ પાલતો હતો ?

જ૦—મજદીયસ્ની ધર્મ યાને ખોદાને માનવાનો ધર્મ પાલતો હતો.

સ૦—આપણા વડવાઓ કયાં વસ્તા હતા ?

જ૦—ઇરાન દેશમાં.

સ૦—આપણને 'પારસી' શા ઉપરથી કહે છે ?

---

૧ ફરવરદીન યશ્ત ફ. ૮૭ મો.

જ૦—ઈરાનમાં સાસાન્યાન તોખમના પાદશાહ અરદેશીરે પોતાની મુખ્ય રાજધાની 'પાર્સ' નામનાં શેહેરમાં સ્થાપી હતી તે શેહેર ઉપરથી આપણને 'પારસી' કરીને કહે છે.

સ૦—અસલી ઇરાનીઓ કેવી રીતની જીંદગી ગુજારતા હતા ?

જ૦—પેહેલાં તેઓ શીકાર મારીને તથા ફલ ફલાદી ખાઇને પોતાનું ગુજરાન કરતા હતા, પછી તેમાં સુધારો કરીને ગાય ઢોરોને પાલીને તેઓના દુધ ઉપર ગુજરાન કરવા લાગા અને એવી રીતે ભરવાડી અવસ્થામાં દહાડા કાઢતા હતા; પછી તેઓએ ખેતી કરવા માંડી અને અનાજથી પોતાનું ગુજરાન કરવા લાગા તેથી અનાજ તથા ખેતીની સંભાળ રાખવાને તેઓને એકજ ઠેકાંણે રહેઠાંણુ કરીને રહેવું પડયું, પણ એના આગમચ તેઓ એક જગાએથી બીજી જગાએ શેકારને માટે ભટકતા હતા.

સ૦—અસલના ઇરાંની પોતાના બચ્ચાંઓને કેવી રીતની કેલવણી આપતા હતા ?

જ૦—તેઓ પોતાનાં બચ્ચાંઓને ભણેલા લાયક દસ્તુરના હાથમાં સોંપતા હતા અને ઘણીક તરેહની સારી તરબીઅત આપતા હતા પણ મુખ્ય કરીને તેઓને સાચ્ચું બોલતાં, ઘોડાપર બેસી જાણતાં શીખવતા હતા અને લડાઇમાં જોઇતી તાલીમ આપતા હતા.

સ૦–આગલા ઇરાની પાદશાહો પોતાનો સને કેમ ગણુતા હતા ?

જ૦–દરેક પાદશાહ જ્યારે તખ્ત ઉપર આવતો ત્યારે નવેસરથી પોતાનાં રાજનો સને ગણુતો હતો.

સ૦–જરતોશ્તી પાદશાહોના વખતમાં કોઈ શખ્સ ગુનાહ કરે તો તેને કેવી રીતની સજા થતી હતી?

જ૦–જેમ હાલના વખતમાં ગુનેહગારને 'જેલ' માં મોકલીને કામ કરાવેછે તેમ રસ્તા સમારવા, પુલો બાંધવા, તથા ધર્મનાં મકાનોમાં જોઇતી ચીજો પુરી પાડવાની તેઓને ફરજ પાડતા હતા જેમકે આતશ બેહરામને સારૂ લાકડાં કપાવીને તેના ભારા મંગાવતા અને એ વિગેરે બીજાં લોક ઉપયોગી કામો તેઓ પાસે કરાવતા હતા.

સ૦–ઇરાનમાં પેગંબર સાહેબ જરતોશ્તના વખતમાં કયાં કયાં ખાંનદાનો વખણાયલાં હતાં ?

જ૦–સ્પિતમાનનું, હવોવનું, અને નોદરનું ખાનદાન.

સ૦–સ્પિતમાનનાં ખાનદાનમાં કયા વખણાયલા પુરૂષો હતા ?

જ૦–જરતોશ્ત, મેદીઓમાહ, પોરોશસ્પ, પેતેરસ્પ વિગેરે.

સ૦–હવોવના ખાનદાનમાં કયા પુરૂષો વખણાયલા હતા ?

જ૦–જામાસ્પ ફરશોસ્ત્ર, જરતોશ્તની ઓરત હવોવી ઇત્યાદિ.

સ૦—નોદરના ખાનદાનમાં કોણ હતા ?

જ૦—તુસ, અઉર્વતસ્પ (લોહરાસ્પ), વીશ્તાસ્પ (કએ ગુશ્તાસ્પ) ઈત્યાદિ.

સ૦—ઈરાનમાં કયા કયા વંશના પાદશાહો રાજ કરી ગયા હતા ?

જ૦—પાંચ વંશના પાદશાહો રાજ કરી ગયા છે જેવાકે પેશદાદયાન, કેઆન્યાન, હખામન્યાન, અશકાન્યાન અને સાસાન્યાન.

સ૦—જમશેદ પાદશાહનું રાજ કેવી રીતનું હતું ?

જ૦—ઘણી આબાદી ભરેલું હતું તેના વખતમાં મરકી રોગ તાવ વિગેરે દુઃખો નહી હતાં. એના વખતમાં રૈયતને હરેક પ્રકારનું સુખ હતું.

સ૦—જમશેદના બાપનું નામ શું ?

જ૦—વીવંઘાંન.

સ૦—જમશેદ પાદશાહે પોતાની વસ્તીના માણસોના કેટલા ભાગ કીધા હતા ?

જ૦—ચાર ભાગ કીધા હતા—પેહેલામાં અથોરનાન એટલે દાનાવ દસ્તુરો તથા મોબેદો હતા, બીજામાં રથેસ્તાર એટલે પાદશાહ પેહલવાન તથા સીપાઈઓ હતા ! ત્રિજામાં વાસ્રીઓસ એટલે ખેડુત લોકો હતા, ચોથામાં હુતોક્ષ એટલે વેપાર વણજ વિગેરે ધંધો કરનારા લોકો હતા.

સ૦—જમશેદે જે ગુફા બનાવ્યો હતો તેનું નામ શું ?

જ૦—વરે જમ કર્દ.

સ૦—એ ગુફા બાંધવાનું કારણ શું ?

જ૦—દુન્યામાં વરસાદ તથા બરફથી એક ભારે ખરાબી થનાર હતી તેની અગમચેતી પાદશાહ જમશેદને થઇ હતી જેથી તેણે એક બચાવ ભરેલી જગા બાંધીને તેમાં સારી ખસલતનાં લોકો, સારાં ઝાડ પાનો, જાનવરો અને પક્ષીઓનો જમાવ કરી રાખ્યો હતો અને પછી તે ભારે ખરાબી જે દુન્યાની ઉપર એક મોટી રેલ આવવાથી થઇ હતી તે દુર થવા પછી તે ગુફા માંહેલાં માણસોથી દુન્યા પાછી શરૂ થઇ હતી. [1]

સ૦—જમશેદના વખતમાં આપણા ધર્મને લગતી શું નીશાનીઓ હતી ?

જ૦—સુદરેહ તથા કુસ્તી જમશેદના વખતથી ચાલુ થઇ હતી.

સ૦—અવસ્તા પ્રમાણે જમશેદે કેટલાં વરસ રાજ કીધું ?

જ૦—૧૦૦૦ વરસ સુધી.

સ૦—પાછલથી જમશેદ પાદશાહની કેવી અવસ્થા થઈ ?

જ૦—પેહલાં તો એણે ઘણી જાહોજલાલી ભરેલી રીતે રાજ કીધું હતું પણ પાછલા વખતમાં તે જુઠા સખુનો વાપરવા લાગો તેથી અને મગરૂરી ઘણી કરવા લાગો તેથી તેની સઘલી કીર્તી જતી રહી. [2]

---

૧ વંદીદાદ પરગરદ બીજી. ૨ જમ્યાદ યશ્ત ક. ૩૮ મો.

સ૦—તુર્કસ્તાનના કયા પાદશાહો ઈરાનના કટ્ટા દુશમન હતા? અને અવસ્તામાં આવતાં તેઓનાં નામો જણાવો?

જ૦—અફરાસ્યાબ અને અર્જાસ્પ જેઓને અવસ્તામાં ફ્રંઘ્રસે અને અરેજતૂઅસ્પ કરીને કહે છે.

સ૦—કયા કયા વખણાયલા પાદશાહ તથા પુરૂષોએ બંદગી કીધી હતી અને તેઓને શું શું મોરાદ હાંશેલ થઈ હતી?

જ૦—હોશંગ, તેહમુરસ, જમશેદ, જોહાક, ફ્રેદુન, કેરેસાસ્પ, અફરાસ્યાબ, કાવુસ, કેખુશરૂ, તુસ પેહલવાન, વેસેના છોકરાઓ, વફ્રેનવાજ, જામાસ્પ, અથવજદના છોકરાઓ, નોદરનાં ખાનદાનનો વીસ્તઉરૂશ, ગોસ્ત ફ્રર્યાન, જરતોશ્ત, કએ વીશ્તાસ્પ, જરીર, અર્જાસ્પ, હોમ ફ્રાશ્મી, પાદશાહ અઉવેસાર અને બીજા પેહલવાનોએ બંદગી કીધી હતી.

સ૦—કઇ કઇ વખણાયલી ઓરતોએ બંદગી કીધી હતી?

જ૦—હુતોશી (ગુશતાસ્પની બાનુ) અને હવોવી (જરતોશ્તની બાયડી)

સ૦—હોશંગે બંદગી કીધી તેમાં તેણે શું મોરાદ ચાહી હતી?

જ૦—હું સર્વથી સરસ પાદશાહ થાઉં અને જાદુગરો, દેવો અને જુલમગાર માણસોને હું ટાલું તથા માજંદરાનના દેવોનો નાશ કરૂં અને બીજું

એવું માંગ્યું કે સઘળા દેવો મારીથી બીહીને મને તાબે થાય પણ હું તેઓથી બીહીને તાબે નહી થાઉ.

સ૦—તેહમુરસે બંદગી કરીને શું માગ્યું હતું ?

જ૦—હું સઘળા દેવો, જાદુગરો અને જુલમગાર માણસોને દુર કરૂં અને ત્રીસ વરસ સુધી અંગ્રમઇન્યુશને મારો ઘોડો કરીને તેની ઉપર હું બેસી ફરૂં.

સ૦—'અંગ્રમઇન્યુશને મારો ઘોડો કરૂં' એટલે શું?

જ૦—એટલે અંગ્રમઇન્યુશ જે દુન્યાનો નાશ કરનાર છે તેને લગતા બુરા હવસો જે મારાં દીલમાં હોય તેને દાબી નાખું અને મારા ઉપર ફાવવા નહી દેઉ.

સ૦—જમશેદે બંદગી કીધી ત્યારે તેણે શું મોરાદ ચાહી ?

જ૦—હું સૌથી સરસ પાદશાહ થાઉં અને જાદુગર, જુલમગાર માણસોને તથા દેવોને મારૂં અને દેવોની દોલત, ફાયદો, તૃપ્તી અને વૃદ્ધિ છીનવી લેઉં અને અહુરમજદની પેદાયશમાં ઢોલાંની વૃદ્ધિ કરૂં, માણસોને વગર દુઃખના કરૂં અને અહુરમજદની પેદાયશમાંથી ભુખ, તરશ, તાપ, સરદી, બુઢાપો અને મોત એ બધાંને દુર કરૂં અને જ્યાં સુધી હું પાદશાહી કરૂં ત્યાંસુધી માણસો તથા ઢોરોને સુખી હાલતમાં રાખું.

સ૦—જોહાકે બંદગી કીધી તેમાં તેણે શું મોરાદ માગી ?

જ૦—તેણે એવું ચાહ્યું કે દુન્યાનાં સઘળાં માણસોને મારી નાખું પણ તેની મોરાદ પ્રમાણે તેને મલ્યુ નહી.

સ૦—ફરેદુને બંદગી કરીને શું માંગ્યું ?

જ૦—તેણે એવું ચાહ્યું કે જુલમગાર જોહાક જે દુન્યાનો નાશ કરે છે તેને હું મારૂં અને તેના જુલમને દુર કરૂં અને તે (જોહાક) જમશેદ પાદશાહનાં ખાનદાનની બે ઓરતો શેહરનાજ અને અરનવાજને લુટી લઈ ગયો છે તેઓને હું છોડવી લઈ આવું.

સ૦—કેરેસાસ્પે બંદગી કરતાં શું મોરાદ ઈચ્છી હતી ?

જ૦—ગંધર્વ નામનો જોરાવર દેવ છે તેને હું મારૂં અને મારા ભાઇ ઉર્વાક્ષને હિતાસ્પ નામના શખસે મારી નાખ્યોછે તેના કીનામાં હું તેને મારૂં.

સ૦—અફરાસ્યાબે બંદગી કરવામાં શું મોરાદ ચાહી ?

જ૦—તેણે એવું ચાહ્યું કે ઇરાન દેશનાં લોકોની કીર્તી હું છીનવી લેઉં પણ તેના માગવા પ્રમાણે તેની મોરાદ હાંસેલ થઈ નહી.

સ૦—કાવુસે બંદગી કરીને શું માંગયું ?

જ૦—હું સૌથી સરસ પાદશાહ થાઉ અને જુલમગાર માણુસો, જાદુગરો અને દેવોને મારી હટાવું.

સ૦—કેખુશરૂએ બંદગી કીધી તેના બદલામાં શું મોરાદ માગી ?

જ૦—તેણે એવું માગ્યું કે હું સઘળા જાદુગર, દેવ તથા જુલમગાર માણસોનો નાશ કરૂં અને સૌથી સરસ ઘોડેસવાર થાઉં અને તુરાંની અફ્રાસ્યાબ જે મારી સામે લડવા આવેછે તેને હું મારી હટાવું, અને જુલમથી માર્યા ગયલા સ્યાવક્ષ અને અગ્રેરસનો તેના ઉપર કીનો લઉં.

સ૦—તુસ પેહલવાને બંદગી કરીને શું માંગ્યું ?

જ૦—હું 'ક્ષથ્રસોક' દરવાજા આગલ 'વેસેના' છોકરાઓને મારૂં અને તુરાન દેશના લોકોને લડાઈમાં મારી હટાવું.

સ૦—વેસેના છોકરાઓએ (હોમાન અને બારમાને) શું મોરાદ ચાહી ?

જ૦—તુસ પેહલવાનને લડાઇમાં હમો મારીએ અને ઇરાન દેશના લોકોને મારી હટાવ્યે, પણ તેઓની તે મોરાદ બર આવી નહી.

સ૦—વફ્રેનવાજે બંદગીના બદલામાં શું મોરાદ માગી ?

જ૦—તેણે એવું માગ્યું કે હું મારા રસ્તામાંથી ભુલો પડયો છું ત્યાંથી મારે ઘર સહી સલામત પોહોચું તેવું થાય.

સ૦—જામાસ્પે બંદગી કીધી તેનો બદલો શું માગ્યો ?

જ૦—તેણે એવું માગ્યું કે જેમ આગલા ઇરાનીઓ કીર્તિભરેલાં કામો કરી ગયા છે તેમ હું પણ કરૂં

અને દુશમનોનું લશકર આવે તેની આગમચેતી મને મલે.

સ૦—અપવજદના છોકરાઓએ બંદગી કરીને શું ઇચ્છયું ?

જ૦—તુરાની લોકોનો જુલમગાર ટોલો, જે દાનવ નામનો છે તેઓને હમો મારી હઠાવ્યે.

સ૦—નોદરનાં ખાનદાનના વીસ્તઉરૂસે (તુસના ભાઈ ગસ્તહમે) બંદગી કીધી તેમાં શું મોરાદ માગી ?

જ૦—તેણે એવું ચાહ્યું કે મારાં માથાં ઉપર જેટલા બાલ છે તેટલા દેવોને મેં માર્યા છે તેથી વીતંગુહઇતિ નદીની પછવાડેના બિયાંબાન જંગલને તું આબાદ કર.

સ૦—અશો જરતોશ્તે બંદગી કીધી તેમાં શું મોરાદ ચાહી ?

જ૦-લોહરાસ્પના છોકરા કએ ગુશતાસ્પને દીન ઉપર એકમત થવાને, એક સરખું બોલવાને, અને દીન પ્રમાણે કામ કરવાને હું ઉશકેરૂં અને બીજી એવી ખાહેશ જણાવી કે કએ ગુશતાસ્પની બાનું હુતોશી મારી દીન કબુલ કરે અને તે શીખીને તેનો ફેલાવો કરે અને મારી દીનની કીર્તી જાહેર કરે.

સ૦—કેઆની ગુશતાસ્પે બંદગીમાં શું મોરાદ ચાહી ?

જ૦—દેવની આરાધના કરનાર અજાસ્પને અને બીજાં બુરાં પાપી માણસોને હું મારૂં અને વીસ્પથૌર્વીના છોકરાઓને હું લડાઇમાં મારી હઠાવું.

સ૦–ગુશ્તાસ્પના ભાઇ જરીરે બંદગી કરીને શું માગ્યું ?

જ૦–દેવની આરાધના કરનાર અર્જાસ્પને અને બીજા તેના બુરા સાથીઓને લડાઇમાં હું હરાવું.

સ૦–તુર્કસ્તાનના પાદશાહ અર્જાસ્પે બંદગીમાં શું ચાહ્યું.

જ૦–કેઆની ગુશ્તાસ્પને અને તેના ભાઈ જરીરને તથા સઘળા ઇરાન દેશના લોકોને મારૂં પણ તેની મોરાદ બર આવી નહી.

સ૦–હોમ ફારમીએ શું માગ્યું ?

જ૦–હું ઘાતકી તુરાની અફરાસ્યાબને બાંધું અને કેદ કરીને કેખુશરૂની નજદીક લઇ જાઉં કે કેખુશરૂ તેને જુલમથી માર્યા ગયલા સ્યાવક્ષ અને અગ્રેરસના કીનામાં મારે.

સ૦–પાદશાહ અઉર્વસારે બંદગીમાં શું મોરાદ ચાહી ?

જ૦–કેખુશરૂ મને લડાઇમાં મારે નહી અને હું કેખુશરૂના હાથમાંથી છટકી જાઉં.

સ૦–બીજા પેહલવાનોએ બંદગી કરીને શું બદલો માંગ્યો હતો ?

જ૦–ઘોડા ઉપર બેસીને લડાઈમાં જતાં પોતાના ઘોડાને માટે જોર અને પોતાનાં તનને માટે તંદોરસ્તી ચાહી અને દુશમનો ઉપર ફતેહ મેલવવાનું માગ્યું.

સ૦—ગુશ્તાસ્પની બાનુ હુતોશીએ બંદગીનો શું બદલો માગ્યો ?

જ૦—હું મારા ધણી ગુશ્તાસ્પનાં ઘરમાં ઘણી વાહાલી અને માન પામેલી થાઉં અને મારા ઉપર મારો ભરથાર હેત રાખે.

સ૦—જરતોશતની બાયડી હવોવીએ શું મોરાદ ચાહી ?

જ૦—મારો ધણી અશો જરતોશત ઘણો બખતાવર થાય અને મજદીયસ્ની દીન ફેલાવવામાં તે ફતેહ મેલવે.

સ૦—આ ઉપલાં વર્ણન ઉપરથી તમો શું સાર કાઢો છો ?

જ૦—કેટલાક પાદશાહ તથા પેહેલવાનો અને કેટલીક પાક ઓરતો વીશેનાં બ્યાનથી હમો વાકેફ થયાં અને તેઓનાં સારાં કામોનો હમોને ધડો મલ્યો.

સ૦—એ સિવાય કંઇ બીજો સાર કાઢશો ?

જ૦—પાક ખોદાતાલાની બંદગી કરતી વખતે પાક દયાનત અને ખરાં અંતઃકરણથી આપણું તથા બીજાઓનું ભલું કરવાની જે મોરાદ માગીએ તે ખોદાતાલા બર લાવેછે પણ બુરા વીચારથી કોઇનું ખરાબ કરવાની નેમથી માંગેલી મોરાદ બર આવતી નથી.

સ૦—આપણું અસલ વતન ઇરાન છોડીને હીંદુસ્થાનમાં આવવાનું કારણ શું ?

જ૦—આરબ લોકો સાથે લડાઇ થવાથી આપણું રાજ જતું રહ્યું અને મુસલમાનોનું રાજ થવાથી ઘણો જુલમ ગુજરવા લાગો તેમાંથી આપણા પ્યારા અને પાક ધર્મનો બચાવ કરવા સારૂ આપણું પ્યારૂં વતન તથા આપણી માલમતા છોડી દઈને આપણે હીંદુસ્તાનમાં આવી વસ્યા.

સ૦—ઇરાન છોડયું તેની આગમજ આપણો છેલ્લો પાદશાહ કોણ હતો ?

જ૦—સાસાની તોખમનો યજદેજર્દ બીન શેહેરીઆર હતો કે જેની હકુમતના વરસને આપણે યજદેજરદી સનેને નામે ઓલખીએ છીએ જે સને આજે ૧૨૫૯ મો છે.

સ૦—ઇરાન છોડયા પછી આપણે કયાં કયાં રેહેતા આવ્યા ?

જ૦—થોડોક વખત સુધી 'હોરમજદ' બંદરમાં રહીને 'દીવ' બંદરમાં આવ્યા ત્યારપછી ઘણીક મુદત સુધી સંજાણમાં રહ્યા અને પછી નવસારી, સુરત, અંકલેશ્વર, ભરૂચ અને ખંબાત વિગેરે બીજાં શેહેરોમાં જેમ સવલ પડતું ગયું તેમ જઈ વસ્યા જ્યાં આજ સુધી આપણાં મેહેરબાન માહારાણીજીના અદલ રાજમાં આપણા ધર્મને બંચાવી રાખી સુખ ભોગવતા રેહેજીઓ છીએ.

પરચુટણ બાબદો વીશે.

——oo——

સ૦—હરેક કામનું મંડાણ કરતાં અથવા કેડે બાહાર જતી વેલાએ શું યાદ કરવું જોઇએ ?

જ૦—પાક પરવરદેગારનાં નામને યાદ કરીને એક યથા—અહુ-વઇર્યો ભણવી જોઇએ.

સ૦—સવળી પેદાયશમાં ખોદાતાલાની સર્વથી ઉત્તમ પેદાયશ કઈ છે ?

જ૦—માણુસ જાત.

સ૦—માણુસ જાતમાં કેઇ ચીજ એવી છે કે તેથી તે બધી પેદાયશમાં ઉત્તમ દરજ્જો ભોગવે છે ?

જ૦—અક્કલ અને વાચા.

સ૦—અક્કલની ઉપર કયો ફરેશતો મુવકલ છે ?

જ૦—બેહમન અમશાસ્પંદ.

સ૦—અક્કલ કેટલી જાતની છે ?

જ૦—બે જાતની—પેહેલી આસ્નીદે ખેરદ એટલે કે જે અક્કલ જનમતાંનીવાર કુદરતી મલેછે તે. બીજી ગોશો સ્રુતેખેરદ એટલે કે જે અક્કલ બીજાનું સાંભળીને તથા ઉસ્તાદ પાસે એલમ શીખીને મેળવેલી હોય તે.

સ૦—માણુસના બદનમાં જે ગેબી પાંચ તત્વ મુકેલાં છે તેનાં નામ શું ?

જ૦—અહુ, દએન, બઓધ, ઉર્વન્ અને ફ્રવષી.

સ૦—એ બોલનો અર્થ શું ?

જ૦—અહુ એટલે આપણી ખસલતોને ચલાવ-નારી શકતી, દએન એટલે આપણું અંતઃકરણ, બ-ઓધ એટલે બુદ્ધિ, ઉર્વન્ એટલે જીવ અને ફ્રવષી એટલે જીવને ખોદાઇ માર્ગ ઉપર ચાલવાને ઉશકે-રનારી શકતી.

સ૦—રીસ્તાખેજ (કેઆમત) એટલે શું અને તે કયારે થશે ?

જ૦—દુન્યાની આખેરી આવશે ત્યારે બધાં ગુજરેલાં માણસોને પાછાં ઉભાં કરવામાં આવશે અને આ શરીર ધરાવનાર દુન્યાને નવેસરથી ચાલુ કરવામાં આવશે અને તે વખતના લોકો ફરેશતાઇ ખસલતના થશે. એ વખતને રીસ્તાખેજ કહે છે.

સ૦—રીસ્તાખેજ કોણની મારફતે થશે.

જ૦—છેલ્લો પેગંબર જે સોષ્યોસ થનાર છે તેની મારફતે થશે.

સ૦—આપણાથી કાંઇ ગુનાહ થયો હોય તો શું કરવું ?

જ૦—જો ગુનાહ અંજાણપણે થયો હોય તો તે વીશેનો પસ્તાવો ખોદાની હજુરમાં પોતાનાં ખરાં અંતઃકરણથી કરવો અને ફરીથી તેવો ગુનાહ નહી કરવાની કબુલાત આપવી.

સ૦—જાણી જોઇને ગુનાહ કીધો હોય તો તેની માફી મલે કે ?

જ૦—નહીજી ; અંજાણપણે ગુનાહ થયો હોય તેજ પાક પરવરદેગાર માફ કરે છે. જાણીબુજીને

ગુનાહ કરીઆ કરીએ તો પસ્તાવો કીધાથી માફી મલતી નથી.

સ૦—બેહેશ્ત અને દોજખને વાસ્તે અવસ્તામાં શું બોલો આવેલા છે ?

જ૦—બેહેશ્તનો બોલ 'વહિશ્તેમ્ અહુમ્' અને દોજખનો બોલ 'દ્રુજો દેમાન.'

સ૦—અથોરનાન, હમકારા, દસ્તુર, નોરોજ, દરેમેહર અને દખમું એ બોલો વીશે શું જાણો છો?

જ૦—અથોરનાન, એ એક ટોલાનું નામ છે કે જેમાં દસ્તુર તથા મોબેદો હોય છે જેઓ દીનનો એલમ શીખેલા હોય અને રાત દાહાડો અભ્યાસ કરીને પોતાની દીનનો એલમ બીજાઓને શીખવવાને કોશેશ કરતા હોય તેઓને કહે છે; હમકારા એટલે દરેક ફરેશતાને મદદગાર થઇને સાથે કામ કરનારા ફરેશતાઓ જેવાકે અરદીબેહશ્ત, આદર, સરોશ, બેહેરામ અને એ વિગેરે બીજા છે; દસ્તુર એટલે દીનને લગતા હોકમ ફરમાવનાર ધર્મગુરૂ; નોરોજ એટલે વરસનો નવો દહાડો; દરેમેહેર એટલે બંદગી કરવાને તથા ધર્મની ક્રિયા કરવાને હેડવેલું પાક મકાન; દખમું એટલે ગુજરેલાંઓની લાસને ઠેકાણે પાડવાને ઉંચી ટેકરી ઉપર કીધેલી અલાહેદી જગા.

સ૦—જો કોઇ પારકા ધર્મવાલો શખસ આપણા ધર્મમાં આવવા માંગે તો લેવો કે નહી ?

જ૦—હાજી; આપણા ધર્મને લગતી સઘળી વાકેફગારી આપીને તેને દાખલ કરવો.

સ૦—કોઇ જુદદીન શખસ તમોને કહે કે તમો બુતપરસ્ત છો તો તેનો જવાબ શું આપશો ?

જ૦—અમારા લોકો પુતલાંની પુજા કરતા નથી તેમજ આગલા ઈરાનીઓ બી પુતલાંઓ પુજતા ન હતા બલકે પુતલાં પુજવાને અમારી દીનમાં ઘણું ગુનાહભરેલું ગણેલું છે અને હમો તો નુરી કેબલાની સામે માત્ર એકજ ખોદાની પરસ્તેશ કરીએ છીએ તેથીજ હમો યજદાંપરસ્ત કેહેવાઇએ છીએ.

સ૦—કયા તારા મોટા ગણાયલા છે ?

જ૦—તેશતર, વનંત, સતવેશ, અને હફતોરંગ.

સ૦—વરસાદ લાવનાર કયો ફરેશતો છે ?

જ૦—તેશતર તીર યજદ.

સ૦—તેશતરની સાંમે થતો કયો દેવ છે ?

જ૦—અપોશ નામનો દેવ.

સ૦—અવસ્તામાં કેટલી જાતના ખોરેહ (નુર) અથવા કીર્તિનાં નામો આવેલાં છે ?

જ૦—'અઇર્યનામ્ ખરેનો' એટલે ઇરાનીઓનું ખોરેહ અથવા કીર્તિ, 'કવેમ્ખરેનો' એટલે કયાનીઓનું ખોરેહ, 'અખરેતખરેનો' એટલે અથોરનાનોનું ખોરેહ, 'જરથુશ્ત્ર ખરેનો' એટલે જરતોશતનું ખોરેહ, અને 'યમખરેનો' એટલે જમશેદનું ખોરેહ.

સ૦—આપણે કેટલી જાતના આતશોની સનમુખ ઉભા રહીને બંદગી કરીએ છીએ? તેઓના નામ અને ટુંક બયાન કહો?

જ૦—હાલમાં આપણે ત્રણ આતશોની સનમુખ ઉભા રહીને બંદગી કરીએ છીએ—(૧) આતશ બેહરામ, (૨) આતશ આદરાન, (૩) આતશ દાદગાહ; આતશ બેહરામ તે આખા શેહરને માટે કેબલો કરવાને ક્રિયા કરીને બનાવેલો આતશ; આતશ આદરાન તે મોહલ્લાના લોકોને સારૂં બંદગી કરવાને ક્રિયાથી બનાવેલો આતશ, અને આતશ દાદગાહ તે આપણા ઘરનો આતશ.

સ૦—ખોરદાદસાલ યાને ફરવરદીન મહીનો ને ખોરદાદ રોજે કયા જાણવાજોગ બનાવો બન્યા હતા?

જ૦—એ દીવસે કેટલાક વખણાયલા પુરૂષોનો જન્મ થયો હતો જેવા કે જમશેદ, ફરેદુન અને આપણા પેગંબર હજરત જરતોશ્તનો પણ જન્મ થયો હતો. કેખુશરૂ પાદશાહે ઇરાનના કટ્ટા વેરી અફરાસ્યાબને મારી નાખ્યો હતો.

સ૦—ફરવરદેગાન એટલે શું અને તેનાં કેટલા દાહાડા છે?

જ૦—ફરવરદેગાન એટલે જે દાહાડા ઉપર અશોફરો આ દુન્યાંમા આવે છે તેને કેહે છે અને તે દશ દીવસ છે. અસ્પંદાદ મહીનો ને આસ્તાદ રોજથી તે વહીશ્તોયશ્ત ગાથાનાં દીવસ સુધી.[1]

---

1 ફરવદીન યશ્ત ફ. ૪૯ થી ૫૨ સુધી.

સ૦–તે દીવસો ઉપર શું કરવું જોઇયે ?

જ૦–તે દીવસો ઉપર સોજ્ઞું ખાનું, મીયજ, ઈત્યાદી તેઓની નૈયતે ઈજાવવું જોઇયે તથા આપણે આપણી સઘળી ફરજો બજાવવી જોઇયે.

સ૦–તે દીવસો ઉપર આપણે શું ફરજો બજાવવી જોઇયે ?

જ૦–આખાં વરસમાં અંજાણપણે જે જે ગુનાહ થયા હોય તેનો પસ્તાવો કરીને ખોદા પાસે માફ માગવી. અને તે દીવસો ઘણી ખુશી રામશની સાથે બંદગી, સ્તુતી અને પરહેજગારીમાં ગુજારવા જોઇયે.

સ૦–તે દીવસો ઉપર કઇ કઇ બંદગીઓ અગતની છે ?

જ૦–એ દસ દીવસનાં પેહેલા પાંચ દીવસમાં યજશનેનો 'ફરામરોદ' નામનો હા ભણવો જોઇયે' અને તે ભણતાં ન આવડે તો ૧૨૦૦ અષેમવોહુ ભણવી જોઇયે, અને છેલા પાંચ દાહાડા જે ગાથાનાં દીવસો છે તેમાં દરેક ગાથાને દાહાડે તેને લગતા ગાથાના હા ભણવા જોઇયે અને તે ન આવડે તો ૧૨૦૦ યથાઅહુ વર્ઈર્યો ભણવી જોઇયે, અને એ વીગેરે બીજા અવસ્તાનાં કલાંમો પણ ભણે તો તેથી ઘણો સવાબ હાંસેલ થાય છે.

સ૦–આશીરવાદ એટલે શું અને તે કોણ ભણે છે ?

૪૦—પરણુતાં જોડાંની આગલ બે મોબેદો તે જોડાંને પોતાના આખા ભવમાં કેમ વર્તવું તે વીશે સમજ આપે છે તથા તેને કેટલીક તરેહની દુવા દે છે, તેને આશીરવાદ કહે છે. તેમજ કોઇ બી વખત કોઇને નેક દુવા ચાહાવી તેને બી આશીરવાદ કહે છે.

"અઓતા ગેઉશ્ આઇશ્ વહિશ્તા અવઓનતા સૂચા મનંઘા."

આ સઘલી ઉત્તમ (બાબદો) તમો કાન ધરીને સાંભલો અને આંખની કીકીએ તથા મને કરીને જોવો (જેથી)

"જમ્યાત્ વો વંઘોત્ વંઘો, મા વો જમ્યાત્ અકાત્ અશો, મા મે જમ્યાત્ અકાત્ અશો."

તમોને ભલાઓની ભલાઇ પોંહોંચે (અને) બુરાઓની બુરાઇ તમોને નહીં પોંહોંચે (તેમજ) મને પણ બુરાઓની બુરાઇ નહીં પોંહોંચે.

સ મા પ્ત.

આ પુસ્તક માટે વર્તમાન પત્રોએ તથા બીજા સાહેબોએ આપેલા મતનો સાર.



મજગામ તા૦ ૮ મી દીસેમબર ૧૮૭૬.

દીન દોસ્ત શેઠજી સાહેબ એદલજી ફેરસારપજી
આંટીઆ

સાહેબ,

તમારી મેહેરબાની ભરેલી ચીઠી તા૦ ૬ થીની લખેલી સાથે ચોપાનીઉ એક નામે જરતોશતી ધરમ શીક્ષકનું મોકલીઉં છે તે વાચીઆથી હમુને ઘણીજ ખુશી ઉપજી છે. એ નાંધલી કીતાબ વીશે હમારો આધીન વીચાર એ છે કે આપણા ટોલાના નામદાર સાહેબો છોકરાઓની તથા છોકરીઓની નીશાલોમાં એ કીતાબ દાખલ કરશે તો નાધલી વયનાં બાલકોની બુધ્ધીમાં ધરમ સંબંધી જ્ઞાનનો સારો ફેલાવો થશે એટલુંજ નહી પણ પોતાના પવીતર ધરમનું ઘણું જ્ઞાન મલીઆથી પોતાના પેદાના કરનારને પીછાણવાનો ખરો મારગ હાંસલ થશે તથા પોતાન બરહક પેગંમબર સાહેબ સત જરતોશતની ખરી દીન તથા રાહનુંમાઈની સમજ પડશે અને તેથી કરીને કુમલી વયના બાલકોનાં મન ઉપર મન માંગતી રીતે ધરમની સારી અસર થશે. તે વાસતે અગત કરીને આપણા હમદીન જરતોશતી ટોલાના સાહેબોને હમો મજબુત ભલામણ કરીએ છીએ કે એ પુસ્તક સરવે ઈસકોલો મધે તથા મદરેશાઓ મધે દાખલ કરવામાં મોટો ફાયદો થશે.

સાહેબ,

હું છેઉં તમારો નમનતાઈ ભરેલો શેવક,

ધનજીભાઈ ફરાંમજી.

રાસ્ત ગોફતાર.

"એરવદ એદલજી ફેરશાશપજી આંટીઆને શાબાશી ઘટે છે કે તેવણે જરતોશતી બાલકોને હાલને જરૂરને વખતે અગતની ખુટ પુરી પાડી આપી છે............આ ચોપડીમાં ઘણી અગતની બાબતો પુશકલ ધ્યાન અને તપાસથી લખી છે..............એ ચોપડી દરેક જરતોશતી બાલકે પોતાની "પાકીટ બુક" તરીકે ગજવાંમાંજ રાખવી ઘટે છે, અને તેનો મોટો ફેલાવો થવો જોઈએ છે...................તેવણની હાલની ચોપડીમાં જરતોશતી બાલકોને જે જોઈએ તે છે. એ ચોપડી માતર બચાંઓનેજ નહી પણ ઉમરે પુગેલાનેબી કામની દીસે છે, કેમકે તેમાં કેટલીક ધરમ સંબંધી બાબતો બચાં કરતાં મોટાં માણસને વધારે કામની અને ધ્યાન આપવાજોગ સમાવેલી છે. જરતોશતી ધરમની માહીતગારીનો એવાંજ શીખેલા જવાન મોબેદ સાહેબોથી આપણાં લોકોમાં ફેલાવો થવો ઘટે છે. નવસારીના આ અથોરનાન ગ્રંથકારની આ પેહેલી કોશેશને માટે અમે તેમને મુબારકબાદી આપીએ છીએ."

મુંબઈ સમાચાર.

"...................એરવદ એદલજીને આ અગતના વધારાનું માન ઘટે છે અને તે માનને લાયક થવા સારૂં ગરંથકરતાની આ ગરંથમાંથી દીસતી બાહોશી અને જુદી જુદી કેટલીક ભાષાઓનું જ્ઞાન પુરતાં છે..............ગરંથ કરતાએ રચેલું આ નાનું પુસ્તક સવાલ જવાબના આકારમાં છે; અને તે ધોરણ સમજ પડતા આકારમાં આ પુસ્તકમાં સેવાથી તેના ઉપયોગીપણામાં વધારો થાય છે..............આવી રીત જરૂર કરીને બાલકોને ઘણી જરૂરની થઈ પડે છે. તેઓની યાદદાસત શકતીનું બલ વધારે તથા વીચાર શકતી ઘણી થોડી હોવાથી તેઓના મગજની અસંપુરણ હાલતમાં સવાલ જવાબો જેટલા ફાયદાકારક થઈ પડે તેટલી સરસરાત લખી નાખેલી અથવા મોટી એબારતની કોઈ પણ બાબત થતી નથી..................આવી સરવે પરકારની બારીકી એરવદ એદલજીએ પોતાનાં નાનાં પુસ્તકમાં જાલવવાની કોશેશ કરી છે, અને તેમાં ઘણું કરી પાર પડયા છે..................આ ગરંથ ભણેલા મોબેદો તથા દસતુરોને પસંદ પડતો થવાને એક દાખલો પુરતો છે તે એકે જરતોશતી તોલાના જાણીતા થયલા દશતુર પેશોતનજી બેહેરામજી સંજાણાએ એ ગરંથને તપાસીયો છે, અને તેને માટે તેવણે પોતાની પસંદગી બતાવી છે..................આ નાની ચોપડી બાલકોને માટેજ નહી પણ જવાનો અને ઉમરે પુગેલાં જરતોશતી મરદ ઓરતોને પણ ઉપયોગી થયા વીના રેહેશે નહી એટલા માટે દરેક પારસી કુટુંબમાં આ નાની ચોપડીનો ઉપયોગ થાય એવી હમો આ વખતે ભલામણ કરીએ છીએ."

જામે જમશેદ.

“ ....તે ઉધરતી વયના બાલકોને ઘણી ઉપયોગી થઈ પડે એવી છે. વળી તેના બનાવનારે જરતોશતી ધરમની આ એક અગતની ખુટ પુરી પાડી તેની કીમત ફકત ચાર આના રાખી છે. આવા ચોપડીની જરતોશતીઓમાં ઘણી ખુટ છે અને તે માટે લાંબા વખતની ફરીયાદો ચાલે છે, એટલા વાસતે તેના બનાવનારને તથા બીજાઓને ઉલટ થાય એટલા માટે તેમને ઘટતો આસરો આપવો જોઈએ છે.”



પંજેહાં પરસ્ત.

“ ....આ ધરમ પુસ્તકમાં મી૰ આંટીઆએ દરેક જરતોશતી બાલકનેજ નહીં પણ વલી ઉમરે પુગેલાં ઓરતો મરદ વટીકને કામ લાગે એવી જરતોશતી ધરમને લગતી બીનાઓ સમાવી છે અને તે દરેક જરતોશતીનાં ઘરમાં વાંચવા લાયક છે. એ ધ[illegible] ખજાનો એટલો કીમતી છે કે અમો માનીએ છીએ કે તેની છપાયલી નકલો અતોઆર સુધીમાં સઘલી ખપી જવી જોઈએ અને તેની બીજી આવરતી પાછી છપાવી જોઈએ.



અખબારે સોદાગર.

“ ....હમો સરવે જરતોશતીઓને મજબુત ભલામણ કરીએચ કે મજકુર એરવદ એદલજીની કરેલી કોશેશ ઉતેજન આપવા તથા પોતાનાં બાલકોને જરતોશતી ધરમને લગતી કેલવણી આપવા સારૂ આએ ચોપડી જરૂર ખરીદ કરવી..........”



જાહેર ખબર.

આ ચોપડી નીચલાં ઠેકાણાઓથી મળશે.

મુંબઈ.

કોટમાં—મી૦ જાંહાંગીરજી બેજનજી કરાણી
ની "બુકડીપો" ના૦ ૧૮, પારસી
બજાર સ્ટ્રીટ, કોટ.
,, મી૦ શાપુરજી ફરામજી માદનની
દુકાંને, ના૦ ૩૩, બજાર ગેટ સ્ટ્રીટ.
ધોબીતલાવ—મી૦ એરચશાહ કરાણીના
"બુકડીપો"માં યુન્યન પ્રેસની સામે
ચંદનવાડી-સુનાપોરની ગલીમાં મી૦ એદલજી
ભરૂચાનાં ઘરમાં બનાવનાર પાસેથી.

નવસારી.

મી૦ મનચેરજી એરચજી દેશાઇ પાસેથી મળશે.

દેશાવર ખાતે મંગાવનારાઓએ પોસ્તેજનો
એક આનો વધુ મોકલવો.